**સુવિચાર**
જન્મભૂમિના કલ્યાણની ઝંખના સ્વપ્નમાં પણ છોડી શકાતી નથી. જન્મભૂમિ માનવીનું સ્વર્ગ છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૫/૦૮/૨૦૨૩, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ શ્રાવણ સુદ-૯ વર્ષ : ૧૫ અંક : ૨૧૫

## કુંકાવાવમાં ભાડે મકાન રાખીને રહેતા 3 શખ્સોએ રાત્રિનાં ચોરીનો ધંધો શરૂ કર્યો

# બગસરા, કુંકાવાવ પંથકમાં ચોરીની હારમાળા સર્જનાર તસ્કર ત્રિપુટી ઝડપાઈ

**પોલીસ અધિક્ષકની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સઘન તપાસ શરૂ કરીને આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા**

**પકડાયેલ ત્રણેય આરોપીઓ દિવસે ભૂંડ પકડવાનું કામ કરે અને રાત્રિનાં ઘરફોડીનું કારસ્તાન કરતા હતા**

**માથા અને મોઢા ઉપર બુકાની બાંધી બાઈક લઈને નીકળીને ગામડાઓમાં બંધ મકાનને ટાર્ગેટ કરે**

**પોલીસે સોના-ચાંદીના દાગીનાં, બાઈક સહિત રૂપિયા ૫.૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો**





અમરેલી, તા. ૨૪


અમરેલી જિલ્લાનાં બગસરા તાલુકાના જુના વાઘણીયા ગામે ત્રણ મકાનો તથા એક તબેલામાં તથા અમરેલી તાલુકાના મોટા આંકડીયા ગામે ત્રણ મકાન તથા ગોંડલમાં એક મકાન તથા બે મોટર સાયકલો મળી ૧૧ મકાનો તથા ૨ મોટર સાયકલ મળી કુલ-૧૩ ચોરી ઘરફોડ ચોરીઓના ગુન્હા કરનાર સીકલીગર ગેંગના ત્રણ સભ્યોને સોના-ચાંદીના દાગીના સહિત કુલ રૂપિયા ૫,૫૦,૬૨૯ના મુદ્દામાલ સાથે પકડી પાડી, રાજકોટ તથા અમરેલી જિલ્લાની કુલ ૪ ચોરીઓના ગુનાઓ ભેદ ઉકેલતી અમરેલી એલ.સી.બી. પોલીસ ટીમ.

બગસરાના નટવરનગરમાં રહેતા અનવરભાઈ ગુલાબભાઈ સેતા ગત તા. ૭/૮ નાં રોજ પોતાનાં રહેણાંક મકાનને તાળા મારી, પોતાના પરિવાર સાથે બહાર ગામ ગયેલ હોય. તે દરમિયાન ગઈ તા. ૮/૮ ની રાત્રીના અજાણ્યા ચોર ઈસમો અનવરભાઈના મકાનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી, ઘરના કબાટના તાળા તોડી કબાટમાં રાખેલ રોકડા રૂા. ૧૫,૦૦૦ તથા સોના-ચાંદીના દાગીના રૂપિયા ૨,૫૦૦ મળી કુલ કિંમત રૂા. ૧૭,૫૦૦ની ચોરી કરી લઈ જઈ ગુનો કરેલ હોય. જે અંગે અનવરભાઈએ અજાણ્યા ઈસમ સામે બગસરા પોલીસ સ્ટેશન ફરીયાદ નોંધાઈ હતી.

આ ઉપરાંત અમરેલી તાલુકાના મોટા આંકડીયા ગામે રહેતા પંકજભાઈ ચંદુભાઈ ટાંકોદરા ગત તા. ૧૦/૮/નાં રોજ રહેણાંક મકાનને તાળા મારી, પોતાના પરિવાર સાથે હોસ્પીટલના કામથી બહાર ગામ

અનુસંધાન પાના ૬ ઉપર

## કલ્યાણેશ્વર મહાદેવને ફૂલોનો શણગાર



સાવરકુંડલા મહુવા રોડ પર આવેલ શ્રી કલ્યાણેશ્વર મહાદેવ મંદિરે ફૂલનો અદ્ભૂત શણગાર કરવામાં આવ્યો હતો. સાથે સાથે દીપમાળાનાં દર્શનનો લાભ લીધો હતો.

## પોલીસ દ્વારા રૂપિયા ૫.૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો

અમરેલી, તા. ૨૪

કબ્જે કરેલ મુદ્દામાલમાં રોકડા રૂપિયા ૨૦,૪૭૦, એક સોનાનું મંગળસુત્ર, વજન ૫૪.૮૦૦ ગ્રામ જેની કિંમત રૂપિયા ૨,૪૪,૨૬૦, એક જોડી સોનાની ઘુઘરી વાળી કલી, વજન ૪૦.૨૦૦ ગ્રામ જેની કિંમત રૂપિયા ૯૨,૨૭૬, એક સોનાની વીંટી, વજન ૧,૯૦૦ ગ્રામ જેની કિંમત રૂપિયા ૯૭૭૦, એક જોડી સોનાની બુટ્ટી, વજન ૨૪૦૦ ગ્રામ જેની કિંમત રૂપિયા ૧૦,૮૫૬, એક સોનાનો મીલનટોન ચેઈન, વજન ૫.૬૦૦ ગ્રામ જેની કિંમત રૂપિયા ૨૯,૮૫૪, એક સોનાનો વીલટોન ચેઈન, વજન ૮.૯૦૦ ગ્રામ જેની કિંમત રૂપિયા ૪૭,૨૨૩, બે સોનાની લગડીના ટુકડા, વજન ૧૦.૦૦૦ ગ્રામ જેની કિંમત રૂપિયા ૫૯,૦૦૦, બે સોનાની નથ, વજન ૦.૨૦૦ ગ્રામ જેની કિંમત રૂપિયા ૧,૧૮૦, ચાંદીના નાના મોટા સીક્કા નંગ -૯, વજન ૨૨.૭૦૦ ગ્રામ જેની કિમત રૂપિયા ૧,૫૪૦૮, એક મોટર સાયકલ નં. જીજે. ૦૬. કે.સી, ૦૪૧૬, કિંમત રૂા. ૨૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૫,૫૦,૬૨૯નો મુદ્દામાલ કબજે લીધો હતો.

### જિલ્લાની જનતા હવે બ્રોડગેજ રેલ્વે પ્રશ્ને સક્રીય બની

# અમરેલી બાદ ધારીનાં નાગરિકોએ બ્રોડગેજ રેલ્વેને લઈને આંદોલનરૂપી ધોકો પછાડયો

**રેલ્વે અધિકારી અને પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું**




અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લાના લોકો હવે જિલ્લાનો વિકાસ ઝંખે છે. ત્યારે અમરેલી જિલ્લાનાં વિકાસ માટે બ્રોડગેજ ટ્રેન મહત્વનો મુદ્દો છે. ત્યારે અમરેલી શહેરના લોકો દ્વારા બ્રોડગેજ માટે કલેકટરને આવેદનપત્ર તથા ઘંટારવ કાર્યક્રમ કરી ગાંધી ચિંધ્યા રાહે આંદોલન શરૂ કર્યા બાદ હવે ધારી શહેરમાં પણ રેલવે સુવિધા મુદ્દે આંદોલનના મંડાણ થયાં છે. ત્યારે બ્રોડગેજના મુદ્દે રેલ્વેના અધિકારી અને પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું હતું.

ધારી શહેરને પણ બ્રોડગેજ રેલ્વે લાઈનથી જોડવા માંગ તથા શહેરમાં પસાર થતી રેલ્વે લાઈન ઉપર અંડર બ્રીજ અને ફાટક મુદ્દે આવેદનપત્રમાં માંગ કરવામાં આવી છે. ત્યારે રેલ્વેના મુદ્દે વર્ષોથી ધારી શહેરને અન્યાય થતો હોવાના આક્ષેપો પણ કરવામાં આવેલ છે.

ત્યારે આજે ધારી શહેરમાં વિવિધ સામાજિક સંગઠનો અને સ્થાનિકો એકત્રિત થઈ રેલ્વે મુદ્દે પ્રાંત અધિકારીને આવેદન પત્ર પાઠવ્યું હતું.

### પવિત્ર તહેવારોમાં જાહેર માર્ગો પર ભીડ એકત્ર થતી હોય

# અમરેલી શહેરમાં બિનઅધિકૃત દબાણ ન કરવા પાલિકાની તાકીદ

**દબાણકર્તાનાં ખર્ચે દબાણ હટાવવાની કામગીરી કરાશે**

અમરેલી, તા. ૨૪

અમરેલી નગરપાલિકા તરફથી આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે હાલમાં શ્રાવણ માસ ચાલી રહેલ હોય તહેવારોની સીઝન હોય શહેરમાં જાહેર જનતાની ભીડ રહેતી હોવાનું જણાય છે. તમામ રસ્તાઓ ઉપર ટ્રાફિકની સમસ્યા રહેતી હોય રસ્તાઓમાં કોઈપણ નાગરિક સમૂહ કે સાર્વજનિક તરફથી રસ્તા ઉપર કે રસ્તાની સાઈડોમાં તથા પોતાની મિલ્કતની આગળનાં ભાગે કોઈ પણ પ્રકાર સ્થાયી કે અસ્થાયી રીતે બિન અધિકૃત રીતે કોઈ પણ પ્રકારનું દબાણ કરવું નહિ. આમ છતાં કોઈ પણ ઈસમ ધ્વારા આ નોટીસની અવમાન્ય કરી બિન અધિકૃત દબાણ કરેલ હોવાનું અત્રેની નિગાહે આવશે તો કોઈ પણ પ્રકારની અલગથી નોટીસ આપ્યા વિના તમોએ કરેલ દબાણ તમારા ખર્ચે, જોખમે અને જવાબદારીએ દૂર કરવામાં આવશે. અને સ્થળ ઉપર જ વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવશે અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેની સખ્ત નોંધ લેવા ચીફ ઓફિસરે જણાવેલ છે.

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

ડૉ. પિયુષ વી. ગોસાઈ
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ▪ પ્રસુતિ પછીની તપાસ (PNC) ▪ નોર્મલ ડીલેવરી ▪ સીઝેરીયન ડીલેવરી ▪ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ▪ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ▪ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ▪ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ▪ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ▪ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ▪ IUI ફેસીલીટી ▪ IVF માટે સલાહ.

તાત્કાલીક જોઈએ છે
સંસ્કૃત ટીચર
RESUME સાથે નીચેના સરનામે રૂબરૂ સંપર્ક કરો
સમય : સવારે ૧૦ થી ૪
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ સંચાલિત
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ કોલેજ
ચિતલ રોડ, દત્ત મંદિર પાસે, અમરેલી. મો.નં. ૯૯૭૮૯ ૬૬૬૨૯
Gmail ID : dr.arpanjani@gmail.com

## સરકારનાં અવનવા નિયમોથી ગ્રામ્ય વિસ્તારનો વિકાસ રૂંધાયો

# બાબરા પંથકની ગ્રામ પંચાયતનાં સરપંચો રોષે ભરાયા

**તાલુકા પંચાયતની બાંધકામ કચેરી દ્વારા થતાં બાંધકામોનાં ભાવોમાં વધારો ન થતાં પરેશાની વધી**

**GEM પોર્ટલ પર વસ્તુઓ ખરીદવાનું ફરજિયાત હોવાથી વ્યાજબી ભાવે જરૂરી વસ્તુઓ મળતી નથી**

**વિકાસનાં કામોનાં એસ્ટીમેન્ટ ગુજરાતી ભાષામાં અને ગ્રામ પંચાયતની માંગણી મુજબ બનાવવા**

**સરપંચોની તમામ માંગ સ્વીકારવામાં ન આવે તો ગ્રામ વિકાસનાં કામો સ્થગિત કરવાની ચીમકી**

બાબરા, તા. ૨૪

બાબરા પંથકની ગ્રામ પંચાયતોનાં સરપંચોએ આજે મામલતદાર અને ટીડીઓ મારફત મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, ગામડાના સામાજીક માળખાકીય વિકાસમાં ગ્રામ પંચાયતની ભૂમિકા મહત્વની છે. જે અન્વયે તાલુકા પંચાયત કચેરી બાંધકામ શાખા ધ્વારા વિવિધ કામોના પ્લાન એસ્ટીમેન્ટ મુજબ કામો કરવાના થતાં હોય. જેમાં માલ મટીરીયલનાં હાલ જુના ભાવો હોય, મોંઘવારીએ માજા મુકેલ હોય ગ્રામ પંચાયતોને કામ કરવા મુશ્કેલી ઉભી થતી હોય જેથી વર્તમાન છૂટક બજાર ભાવ મુજબ એસઓઆર કરવા/બદલવા અથવા તો એજન્સીઓને જે સ્ટાર રેન્ક આપવામાં આવે છે તેનો લાભ ગ્રામ પંચાયતને આપવો. એસઓઆર તેમજ છુટક બજારભાવ બન્નેની તફાવતની (ભાવફેરની) રકમ ગ્રામ પંચાયતને આપવી.

વધુમાં જણાવેલ છે કે, જીઈએમ (જેમ) પોર્ટલ પર વસ્તુઓ ખરીદવાની થતી હોય જેનો અમો સદંતર વિરોધ કરીએ છીએ. પહેલા સ્પર્ધાત્મક રીતે ત્રણ ભાવો મેળવીને ખરીદી થતી તે મુજબ ગ્રામ પંચાયતો કામ કરવા સહમત છે.

વિકાસના કામોના એસ્ટીમેન્ટ પ્રાદેશિક ભાષા ગુજરાતીમાં તેમજ ગ્રામ પંચાયતની માંગણી મુજબનાં એસ્ટીમેન્ટ બનાવવા.

ગ્રામ પંચાયતના વિકાસ માટે જુદા જુદા વર્ષ દરમિયાન તાલુકા/જિલ્લા આયોજનોમાં ગ્રામ પંચાયતની માંગણી મુજબના કામો ન મળતા કેટલાક ગામોને આયોજનમાં કામથી વંચિત તેમજ આયોજનમાં કામોની ફાળવણીમાં વિસંગતતા ખામી ભરેલા આયોજનના ગામડાનાં વિકાસનાં બીજ ચોરાઈ જતાં હોય જેથી બધા ગામડાને સમાન પ્રાધાન્ય આપવું.

ગ્રામ પંચાયતના નાણાપંચની કુલ રકમના ૨૦ ટકા ખર્ચ સરકારનાં પરીપત્ર મુજબ ગ્રામ પંચાયતને ગ્રાન્ટ આપવી સરકાર ગ્રામ પંચાયતના પટાવાળા કે પાણી પુ. વાલમેનને કાયમી પગાર આપતી ન હોય તેમજ તાલુકા પંચાયત ધ્વારા ગ્રામ પંચાયત ખાતામાંથી ખર્ચ કરવા મૌખિક આદેશ કરતા પરવડતું ના હોય તેમજ મેઈન્ટેનન્સ માટે અન્ય આવકનો સંગીન સ્ત્રોત ના હોય જેથી ૨૦ ટકા રકમ બાદ કરી આયોજન બનાવવા.

તાલુકા પંચાયત બાબરા ધ્વારા ગ્રામ પંચાયતો ઉપર ઘરવેરાની રકમના ૧૫ ટકા કર વસુલવા કર નાખેલ હોય જેનો ગામડાના અરજદારોનો વિરોધ હોય. જેથી ૧૫ ટકા કર રદ કરવા અરજદારો વેરો નહિ ભરવા જેવી સુચનાઓ મળતી હોય જેથી તાલુકા પંચાયત કર રદ કરવા.





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

ગ્રામ પંચાયતોને પ્લાન એસ્ટીમેન્ટ મુજબ રકમનું ચુકવણું થતું ના હોય છતાં તકતીઓ પુરેપુરી રકમની કરવામાં આવે છે. જેથી ફાઈનલ જે ચુકવણું તાલુકા પંચાયત બાબરા ધ્વારા કરવામાં આવે છે તે મુજબની જ તકીમાં રકમ લખવામાં આવે જેથી હવે પછી અમો ચુકવણા મુજબની તકતી બનાવીશું.

ગ્રામ પંચાયત એજન્સી તરીકે કામ કરે ત્યારે નાણાકીય સધ્ધરતાનો દાખલો માંગવામાં આવે છે. ખરેખર પંચાયત સધ્ધર છે. વાસ્તવિક પરિસ્થિતિ જુદી છે ગ્રામ પંચાયતો પાસે આવકમાં વેરા સિવાય અન્ય કોઈ સોર્સ ના હોય આથી સધ્ધરતાનો પ્રશ્ન જ ના હોય. ખરેખર સરપંચો નાણાકીય રોકાણ કરતી હોય છે તેમાં પણ કામો પૂર્ણ થયા પછી એક મહિના પછી બીલોનું ચુકવણું કરવામાં આવે છે.

બાબરાનાં કેટલાંક ગામડામાં રીસર્વે બાદ પ્રમોલગેશન થતાં ખેડૂતોના નકશાની આકૃતિ કબ્જા હકકમાં ક્ષેત્રફળ કે અન્ય વાંધા વચકા ઉપસ્થિત થયેલ છે. જેમાં "કરે કોઈક અને ભરે કોઈ" જેવી નીતિથી અભણ ખેડૂતોને માનસિક, આર્થિક, શારીરિક યાતનાનો શિકાર બનતા હોય. વાંધા રજૂઆતો વારંવાર કરતા નાણાકીય બોજ સહન કરવો પડતો હોવા છતાં કોઈ સંતોષકારક પરિણામ મળેલ નથી.

સરકારી ખરાબાની કે પડતર જમીનોમાં સરકાર કે સરકારી અધિકારીઓ તરત જ વિદેશી કંપનીને કે ઔદ્યોગિક હેતુ માટે માંગણી કરતા આવી જમીનો ફાળવી આપવામાં આવે છે. જયારે ખેડૂતોને ખેતીના હેતુ માટે ૨ ગુંઠા જમીન ફાળવવામાં આર્થિક, શારીરિક, માનસિક પરિસ્થિતિનો ભોગ બનવું પડતું હોય છે. આથી આ બાબતે ઝડપી સરળ પ્રક્રિયા અમલીકૃત કરી આવી ખેતીના હેતુ માટે માંગણી કરતાં ખેડૂતોને ૨ ગુંઠા જમીન ફાળવો.

ગામડાઓની ગામતળ નીમ દરખાસ્ત પ્રક્રિયા ઝડપી સરળ કરવી જેથી ગામતળ દબાણોનું ભારણ ઘટાડી શકાય.

અમારી માંગણીનો સંતોષકારક નિકાલ નહિ આવે ત્યાં સુધી અમો ગ્રામ વિકાસને સ્થગિત કરવામાં આવશે તેમ અંતમાં જણાવેલ છે.

---

**દર રવિવારે જુદા–જુદા યજમાન લાભ લે છે**

## અમરેલીનાં સારહિ તપોવન આશ્રમે મુકેશ સંઘાણી પરિવારે ગાયત્રી યજ્ઞનો લાભ લીધો

**ડીસ્ટ્રીકટ ચેમ્બરનાં પ્રમુખ ભગીરથ ત્રિવેદી પણ ઉપસ્થિત રહ્યાં**

અમરેલી, તા. ૨૪

સારહી યુથ ક્લબ ઓફ અમરેલી સંચાલિત 'નિરાધાર નો આધાર' 'સારહિ તપોવન આશ્રમ' ખાતે તેમનાં સ્વપ્ન દ્રષ્ટા પ્રેરણા–સ્ત્રોત મુકેશભાઈ સંઘાણીનાં સંકલ્પ અનુસાર બની રહેલા, તપોવન આશ્રમનું નિર્માણ કાર્ય થાય ત્યાં સુધી દર રવિવારે ગાયત્રી યજ્ઞ કરવામાં આવે છે, અમર ડેરીનાં વાઈસ ચેરમેન–સારહી યુથ કલબનાં પ્રમુખ તથા સારહી તપોવન આશ્રમ નાં સ્વપ્ન દ્રષ્ટા પ્રેરણા–સ્ત્રોત મુકેશભાઈ સંઘાણી સહ પરિવારને યજ્ઞમાં બેસવાનો લાભ મળ્યો અને યજ્ઞ વિધી કરી.

(ગાયત્રી જ્ઞાન મંદિર ટ્રસ્ટ અમરેલીનાં પરિજનો હરેશભાઈ જાની તથા પંકજભાઈ રાજયગુરૂએ ગાયત્રી યજ્ઞ કરાવ્યો) આ તકે ડિસ્ટ્રિકટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ભગીરથભાઈ ત્રિવેદી, અમરેલી શહેર ભાજપ મંત્રી તુષારભાઈ વાણી, કોષાધ્યક્ષ ભાવેશભાઈ વાળોદરા સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા. સારહી પરિવાર વતી હૃદયપૂર્વક આભાર માનવામાં આવેલ.





---

## સા.કુંડલાનાં એસ.ટી. ડેપોમાં સ્વચ્છતા અભિયાન શરૂ



સાવરકુંડલા, તા. ૨૪

સાવરકુંડલા ડેપોમાં ચાલી રહેલા સ્વસ્છતા અભિયાનમાં ઉચ્ચ અધીકારી ડી.સી. પી.પી. ધામાની સુચના અનુસાર સાવર કુંડલાનાં ડેપો મેનેજર કરમટા તથા ટ્રાફીક ઈન્સ્પેકટર પૂનીતભાઈ જોશીનાં કહેવાથી સાવરકુંડલા ડેપોનું સ્વસ્છતા અભિયાન ખુબજ સારી રીતે ચાલે છે. અને કામદાર મિત્રો પાસે ખુબજ સારી રીતે કામ લેવામા આવે છે. તથા એસ.ટી. બસ સ્ટેન્ડમાં આવતા મુસાફરો દ્વારા પણ સ્વસ્છતા અભિયાનની ખૂબજ પ્રશંસા કરવામા આવેલ છે તથા જે બસમાં મુસાફરો દ્વારા મૂસાફરી કરવામા આવે તે બસની સફાઈની પણ મૂસાફરો દ્વારા વખાણ કરવામા આવેલ.

---

## કુંકાવાવ : વ્રજ વિદ્યાલય ખાતે ડો. પ્રતાપભાઈ પંડયા પુસ્તક પરબ દ્વારા શાળા પુસ્તકાલયનો પ્રારંભ

અમરેલી, તા. ૨૪

અમરેલીનાં હમવતની અને શિક્ષણવિદ્ ડો. પ્રતાપભાઈ પંડયાની તૃતીય પુણ્યતિથિ નિમિત્તે એમની સ્મૃતિમાં એમના સુપુત્રી અને એમના પૂ.પપ્પાના સત્કાર્યોને સમાજમાં સતત શરૂ રાખનાર મનીષાબેન પંડયાએ ડો. પ્રતાપભાઈ પંડયા પુસ્તક પરબનાં માધ્યમથી ૫ જેટલા પુસ્તકાલયો શરૂ કર્યા તે પૈકી અત્રેની શાળામાં આવું જ એક શાળા પુસ્તકાલય શરૂ કરવામાં આવ્યું.

સુંદર સજાવટ સાથેનાં પુસ્તકાલયનું પરબનાં પ્રતિનિધિ અને અ.જી.સા.સ. પરિવારનાં ટ્રસ્ટી પરેશભાઈ મહેતાનાં વરદ્હસ્તે રીબીન કાપી ઉદ્ઘાટન કરવામાં આવ્યું. માં સરસ્વતીનાં ચરણોમાં મંગલ દીપપ્રાગટય સાથે પુસ્તકાલય ખુલ્લું મુકાયું. સુંદર શ્લોક ગાન સાથે કાર્યક્રમ શરૂ થયો. સંસ્થાનાં આચાર્ય વિવેકભાઈ વતી ગઢવી શાબ્દિક સ્વાગત કરી અને શાળા પરિવાર દ્વારા પુષ્પગુચ્છથી મહેમાનોનું અભિવાદન કરવામાં આવ્યું. ભુવા નિધિ, આગોલા નિયતિ અને યાત્રીએ પુસ્તક પરબ માટે પોતાના કાવ્ય પ્રતિભાવ વ્યકત કર્યા. અતિથિ પરેશભાઈ મહેતા અને ઉદયભાઈ દેસાઈએ પૂ. પ્રતાપદાદાની દિવ્ય ચેતનાને શ્રદ્ધાંજલિ આપી તેમની પુસ્તક પ્રવૃત્તિ અને કરોડો રૂપિયાનાં પુસ્તકોની સખાવત કરી સૌને વાંચતા કર્યાની વિગતો અને પુસ્તક પરબની માહિતી સાથે એમના સેવાકાર્યોની પણ વિગતો પ્રસ્તુત કરી. ઉપાચાર્ય ગઢવીએ આભાર દર્શન ઉપરાંત પુસ્તક સમીક્ષા અને આ પુસ્તકાલય આ સંસ્થા માટે આપવા બદલ પુસ્તક પરબના સૌ પ્રતિનિધિઓ તરફ ઋણ સ્વીકાર ભાવે રાજીપો વ્યકત કર્યો હતો.



તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ



સમગ્ર કાર્યક્રમનું સરસ સંચાલન ભુવા વંશીલે કર્યું હતું. અંતભાગે તમામ બાળકોએ પુસ્તકાલયની મુલાકાત લઈ ગમતા ૫ પુસ્તકોની પોતાની બુક નોંધ કરી હતી. આ નિમિત્તે મનીષાબેન પંડયા તરફથી સરસ ફરાળી નાસ્તાની બાળકોએ મોજ માણી હતી. કાર્યક્રમ સફળ બનાવવા કેતનભાઈ આસોદરિયા શાળા સ્ટાફ અને બાળકોએ ખૂબ જહેમત ઉઠાવી હતી.

---

# અમરેલીમાં લેઉવા પટેલ ચેરિ.ટ્રસ્ટ દ્વારા સાંળગપુરથી પધારેલ રથનું સ્વાગત કરાયું







અમરેલીમાં લક્ષ્મી નારાયણ મંદિર પાસે સાંળગપુર ધામથી અમરેલી પધારેલ શતામૃત મહોત્સવ રથનું ભવ્ય અભિવાંદન પુજન–અર્ચન પ્રમુખ દિનેશભાઈ ભુવા મંત્રી ડો. જે.ડી. સાવલિયા, ખજાનચી ધનશ્યામભાઈ સોરઠીયા તેમજ અરજણભાઈ કોરાટ, ભીખુભાઈ કાબરીયા, સંજયભાઈ રામાણી, ભાવેશભાઈ કાબરીયા, જયસુખભાઈ મોણપરા, કાળુભાઈ સુહાગીયા, એ.બી.કોઠીયા, અરજણભાઈ શીગાંળા, બાબુભાઈ ચોવટીયા, સુરેશભાઈ દેસાઈ, પી.પી.પડસાલા, તેમજ કારોબારી, કોર કમીટી, સહકાર કમીટીનાં સભ્યો હાજર રહી શ્રી હનુભાનજી દાદાની આરતી, પુષ્પહાર અર્પણ કરી પ્રસાદ સોથ ગરબા લઈા અભિવાન કરવામાં આવેલું ત્યારે અમરેલી શહેરનાં વોપારી મંળલ તેમજ અનેક નામી – અનામી ધર્મપ્રેમી ભાઈઓ –બહેનો હાજર રહેલા સમગ્ર કાર્યક્રમ ભુપતભાઈ ભુવાનાં માર્ગદર્શન નીચે સંપન થયેલ તેવું પટેલ સમાજની યાદીમાં જણાવવામાં આવેલ છે.

## પાંચ લાખ લીટરની ટાંકી કાર્યરત થાય તે પહેલા પાણી ટપકવાનું શરૂ

# હે રામ : લીલીયામોટા ખાતે લોકાર્પણ પહેલા જ પાણીની ટાંકી લિક

**જનતા જનાર્દન પેટે પાટા બાંધીને સરકારી તિજોરી ભરે અને તે નાણાનો દુરૂપયોગ થાય તો કેવી રીતે ચાલી શકે**

**પાણીની પાઈપલાઈન લગાવવામાં આવતા માર્ગોને ખોદી નખાયા ને તેનું રીપેરીંગ ભૂલી જવાયું**

**૧૨ વર્ષ પહેલા બનેલ ભૂગર્ભ ગટર યોજના પણ ગામજનોને પરેશાની આપી રહી છે**

**લીલીયાની જનતા સબળ નેતૃત્વનાં અભાવે અનેક સમસ્યાઓથી ઘેરાયેલી છે**







લીલીયા મોટા, તા. ૨૪

લીલીયા મોટા ખાતે ઓટેકા યોજના અંતર્ગત પાણીનો સંપ તથા ઉંચી ટાંકી જેમાં બે ટાંકી પાંચ પાંચ લાખ લિટરની તથા એક ટાંકી ૬.૩૦ લાખ લિટરની તથા પાણીનો સંપ ૩૩ લાખ લિટરનો હોય. જેમાં લાઠી રોડ પર ગૌશાળા બાજુમાં આવેલ ઉંચી પાણીની ટાંકી જે ૫ લાખ લીટરની છે હજી તો એક જ ટાંકી ભરાય અને એ પણ નિતરતી જોઈને લોકોમાં હાશકારો થયો. છેલ્લા ૪૦ વર્ષથી અન્ય ગામની અંદર આ યોજના આવી ગઈ હોય. ત્યારે લીલીયાનો માંડ માંડ વારો આવ્યો હોય ત્યારે એમાં પણ ટાંકી લીક હોય. જયારે સરકાર આવડો મોટો ખર્ચ કરે છે પણ અધૂરા અધુરા ખર્ચ કરે છે. પાઈપ લાઈનનું કામ પૂર્ણ થઈ ગયુ હોય પણ હજી આજ દિવસ સુધી કોઈ રોડ-રસ્તાના ઠેકાણા નથી અને કોઈપણ પાર્ટીના પદાધિકારીનું ચાલતું નથી અને અવાર નવાર લીલીયા ગામના સરપંચ દ્વારા પત્રો લખાઈ છે પણ એમનું કોઈ સાંભળતા ન હોય. ત્યારે એવું લાગી રહ્યું છે કે અધિકારી એમની મનમાની કરે છે. અગાઉ પણ લીલીયાની અંદર આજથી અંદાજે ૧૨ વર્ષ પહેલા ગટરનું કામ કરેલ હોય એમાં પણ ચાર પંપિંગ સ્ટેશન તથા પાણીનું શુદ્ધિકરણ કરવા માટેનું તળાવ બનાવેલું હોય. પણ હાલ પરિસ્થિતિ એવી છે કે પંપિંગ સ્ટેશનો જ બંધ હાલતમાં છે. આજની તારીખ સુધીમાં ગટરને લગતું કોઈ જેટીંગ મશીન કે અન્ય સાધનો આપેલ ન હોય. ત્યારે લીલીયાની જનતા જીવતા નરકાગારનો અનુભવ કરી રહી છે. ત્યારે કહેવાનું એ છે કે આ ઓટેકા યોજના ગામને તારશે કે પછી તરસી મારશે એ હવે જોવાનું રહ્યું. તો લીલીયાની જનતાને જો ગટર બાબતે હાઈકોર્ટ સુધી ગઈ હોય તો હવે આ બાબતે પણ હાઈકોર્ટ જવાનું ન થાય તેની લાગતા વળગતાએ દરકાર લેવી. તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

## કોટડાપીઠાથી થોરખાણ રોડ ગરણી-પાનસડા ગામ વચ્ચે

# બે નદીઓની વચ્ચે આવેલ સ્વયંભુશ્રી ગરણેશ્વર મહાદેવનું મંદિર

**પ્રાકૃતિક સૌંદર્ય સાથે ભકતજનોનું મન હરી લ્યે છે**

કોટડાપીઠા, તા. ૨૪

આ સ્વયંભુશ્રી ગરણેશ્વર મહાદેવના પ્રાગટની કથા આ પ્રમાણે છે. ગરણી-પાનસડા ગામના સોની લુહારની ગાય ગામના ગૌધનમાં ચારો ચરવા માટે જંગલમાં જતી હતી અને સાંજે ગામના ગૌધણમાં પાછી ફરતી. સાંજે ગોવાળ જયાં ગામને દોહવા બેસે તો આંચળમાં દુધ ના હોય, આમ વારંવાર થવાથી ગાયના માલિકે ગોવાળ ને ઠપકો આપ્યો ને કહયું : ''તું ગાયને દોહી લેતો લાગે છે, આ ઠપકો સાંભળી ગોવાળે બીજે દિવસે ગાયનું ખાસ ધ્યાન રાખ્યુ તો ગાય જંગલમાં ચારો ચરીને જયાં આવેલ રાફડા ઉપર ઉભી રહી અને ચારેય આંચળમાંથી દુધની ધારા વહેવા લાગી.

આ દ્રશ્ય નિહાળી ગોવાળે ગામમાં વાત કરતા બીજે દિવસે ગાયના માલિક તથા ગામલોકોએ રાફડાનું ખોદકામ કરતા તેમાંથી સ્વયંભૂ મહાદેવની લીંગ પ્રાગટય થઈ, બાજુમાં ગરણી ગામ આવેલ હોવાથી શ્રી



તસ્વીર : ભરત મહેતા-કોટડાપીઠા

ગરણેશ્વર મહાદેવ નામ આપવામાં આવ્યું.

મંદિરની આજુબાજુ ગીર ઝાડી ઝાડવા હોવાથી, વડના ઉંચા ઝાડ હોવાથી અહિં રાષ્ટ્રીય પક્ષી મોર, ઢેલના ટહુકા તેમજ અન્ય પક્ષીઓના કલરવથી વાતાવરણ મનોહર અને સૌંદર્યથી ભરેલુ લાગે છે. નદીના કાંઠાના ઉપરના ભાગે કરણ સો પટણ થયેલ ટીંબો આવેલ છે. ત્યાં જુનું ગરણી ગામ હશે તેવું બુજર્ગોનું કહેવું છે. મંદિરના પરીસરમાં ચોમાસામાં ભકતજનોને વરસાદથી ખલેલ ન પહોંચે તે માટે દાતા દ્વારા પતરાનો વિશાળ શેડ બનાવી આપવામાં આવેલ છે. મહાદેવ સર્વે ભકતોજનોની મનોકામના પૂર્ણ કરે છે.

# સાવરકુંડલા ખાતે લાયન્સ કલબ (અમરેલી)નાં સહયોગથી નેત્રયજ્ઞ યોજાયો





સાવરકુંડલા, તા. ૨૪

સાવરકુંડલા શ્રી સદ્‌ગૂરૂ શ્રી કબીર સાહેબ સેવા ટ્રસ્ટ સાવરકુંડલા અને લાયન્સ કલબ ઓફ અમરેલી સીટી તથા નેત્રાલય હોસ્પિટલ સંચાલીત અમરેલી દ્વારા વિનામુલ્યે નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પનું ભવ્ય આયોજન થયેલ હતું. આ કેમ્પ આંખોનાં રોગથી પીડાતા દર્દીનારાયણ માટે ઓપરેશન વિનામુલ્યે કરવામાં આવ્યું હતું.

આ કેમ્પની અંદર ઓપીડીમાં ૧૦૧ દર્દીઓએ લાભ લીધો હતો. અને તેમજ મોતિયાનાં ઓપરેશન માટે ૩૪ દર્દીએ લાભ લીધો હતો. આ કેમ્પનું દિપપ્રાગટય કબિર ટેકરીનાં મહંત શ્રી નારાયણ, લાયન્સ કલબ ઓફ અમરેલી સિટીમાંથી સાહસભાઈ ઉપાધ્યાય તથા રૂજુલભાઈ ગોંડલીયા, વિમલભાઈ રામદેવપુત્રા, સામાજિક સેવા સંસ્થાન બચુભાઈ જીવરાજભાઈ સ્મારક ટ્રસ્ટનાં ટ્રસ્ટી વિશાલભાઈ વ્યાસ, જગદીશભાઈ જેઠવા, જિતેનભાઈ હેલૈયા, મેહુલભાઈ ત્રિવેદી તથા પટેલ બેટરીવાળા વિઠ્ઠલભાઈ, નેત્રાલયનાં કર્મચારી નિલેષભાઈ ભીલ, હિંમતભાઈ કાછડીયા તથા કબીર ટેકરીનાં સ્વયંમ સેવકો વગેરેએ સેવા આપી હતી. આ કેમ્પ દર મહિનાનાં ચોથા ગુરૂવારે છેલ્લા ૧૧ વર્ષથી યોજાય છે.

## સાંસદની ૧૫ વર્ષની નિષ્ફળતા અંગે ચિંતા વ્યકત કરી

# અમરેલીનો બ્રોડગેજ રેલ્વેને લઇને શરૂ થયેલ આંદોલનને બહુજન આર્મીનું સમર્થન

**આર્મી પ્રમુખ શાંતિલાલ રાણવાનાં શાબ્દિક પ્રહારો**

અમરેલી, તા.૨૪

અમરેલીમાં સ્વયંભુ બ્રોડગેજ આંદોલનને જિલ્લા બહુજન આર્મીએ સંપુર્ણ ટેકો જાહેર કીરને પ્રમુખ શાંતિલાલ રાણવાની યાદી જણાવે છે કે છેલ્લા ૧૫ વર્ષથી વર્તમાન સાંસદ કેન્દ્ર સરકારની એકપણ યોજના જિલ્લામાં લાવી શકતા નથી. તેઓ સદંતર નિષ્ફળ ગયા છે.

તેઓ અમરેલીને બ્રોડગેજ રેલ્વે, નેશનલ હાઈવે, કેન્દ્રિય વિદ્યાલય, એરપોર્ટની સુવિધા, એફએમ રેડીયો, પોસ્ટ ઓફિસ સેવાઓ, હેલી ફોન સેવાઓ, આઈટી રીટર્ન સુવિધા ઉપરાંત કેન્દ્રની ખેતી, પશુપાલન, વન અને પર્યાવરણના એકપણ પ્રોજેકટ લાવી શકયા નથી. ડબલ એન્જીનની સરકારો સદંતર નિષ્ફળ રહી છે. તેથી જિલ્લાની જનતાએ ખોટા વચનો અને ફાંકા ફોજદારીમાં આવ્યા વગર ચેતવાની જરૂરી છે.



આ બધા પ્રશ્નોને સાથે લઈને આક્રમક આંદોલન સંવિધાનની મર્યાદામાં રહીને ચલાવવા હાંકલ કરેલ છે. જરૂર પડયે સાંસદ તથા ધારાસભ્યોના ઘરની સામે ધરણા ચાલુ કરવા આહવાન કરેલ છે.

આગામી ચૂંટણીમાં લોકસભામાં અનુસ્નાતક સુધી ભણેલા, એકપણ ગુન્હાહિત કેસ ન હોય, પ્રમાણિક, ચારિત્ર્યવાન હોઈ, દારૂ-જુગારના અડાઓને ચલાવે, હપ્તાઓ ઉઘરાવે, ખનીજ તત્વોની ચોરીમાં માફિયાઓને મદદ કરે તેવા ઉમેદવારોને પસંદ ન કરવા જિલ્લાની જનતાને બહુજન આર્મીના પ્રમુખ શાંતિલાલ રાણવાએ હાંકલ કરેલ છે. તેમ રાણવાની યાદી જણાવે છે.


તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
■ડોલ (૨૫ લી.) ■પાટલો ■ ટમ્બલર
■ સોપ હોલ્ડર ■ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/-માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી
ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦






શ્રાવણ માસ નિમિતે ફરાળી વાનગીઓ
શીંગપાક ટોપરાપાક ગુલાબજાંબુ
સ્પે. માવાના પેંડા
ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો
બટેટા વેફર્સ કેળા વેફર્સ
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫










### શાકભાજીના વધતા ભાવથી ક્યારે મળશે છૂટકારો?

# ભારતમાં સામાન્ય જનતા વધતી જતી મોંઘવારીના કારણે ચિંતિત

## છૂટક ફુગાવાના દરમાં જૂલાઇમાં જબરદસ્ત વધારો નોંધવામાં આવ્યો છે અને તે ૭.૪૪ ટકાના સ્તરે ૧૫ મહિનાની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયો છે

નવી દિલ્હી, તા.૨૪

ભારતમાં સામાન્ય જનતા વધતી જતી મોંઘવારીના કારણે ચિંતિત છે. છેલ્લા બે મહિનામાં દેશમાં ટામેટા, ડુંગળી સહિત અનેક શાકભાજીના ભાવમાં જબરદસ્ત વધારો થયો છે.

આવી સ્થિતિમાં સવાલ એ ઉઠે છે કે શાકભાજીની મોંઘવારીમાં ક્યાં સુધી રાહત મળશે. આ પ્રશ્નનો જવાબ આપતા ઈં ગવર્નર શક્તિકાંત દાસે બુધવારે કહ્યું કે સપ્ટેમ્બર સુધીમાં શાકભાજીની કિંમતમાં મોટો ઘટાડો થઈ શકે છે. એક કાર્યક્રમમાં આરબીઆઈ ગવર્નરે કહ્યું કે સરકારે યોગ્ય સમયે હસ્તક્ષેપ કર્યો છે. આના કારણે દેશમાં અનાજની કોઈ અછત નથી અને યોગ્ય પુરવઠાને કારણે કિંમતને અંકુશમાં રાખવામાં મદદ મળી છે. આ સાથે તેમણે કહ્યું કે, જો કે મોંઘવારીનો દર હજુ પણ અપેક્ષા કરતા વધારે છે, પરંતુ છેલ્લા કેટલાક મહિનામાં એવા સંકેતો જોવા મળી રહ્યા છે કે આગામી દિવસોમાં મોંઘવારીમાંથી રાહત મળે તેવી અપેક્ષા છે. RBI ગવર્નરે કહ્યું હતું કે જૂલાઈથી ભારતમાં શાકભાજીના ભાવમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. ટામેટાંને કારણે મોંઘવારી દરમાં જબરદસ્ત વધારો થયો છે, પરંતુ સરકારે યોગ્ય સમયે ટામેટાંના ભાવને અંકુશમાં લેવા માટે અનેક પગલાં લીધાં છે. આ સાથે જ બજારમાં ટામેટાનો નવા પાક આવવાના કારણે તેની કિંમતમાં જબરદસ્ત ઘટાડો જોવા મળ્યો છે. ડુંગળીની સપ્લાય ચેઈનને સારી રાખવા માટે સતત ઘણા પગલાં લેવામાં આવી રહ્યા છે. આવી સ્થિતિમાં અમને આશા છે કે સપ્ટેમ્બર સુધીમાં શાકભાજીની મોંઘવારીમાં ઘટાડો જોવા મળી શકે છે. નોંધનીય છે કે છૂટક ફુગાવાના દરમાં જૂલાઈમાં જબરદસ્ત વધારો નોંધવામાં આવ્યો છે અને તે ૭.૪૪ ટકાના સ્તરે ૧૫ મહિનાની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયો છે. જૂલાઈમાં મોંઘવારીમાં જબરદસ્ત વધારો થવા પાછળનું મુખ્ય કારણ શાકભાજી છે. નોંધનીય છે કે RBI ગવર્નરને આશા છે કે શાકભાજીના ભાવમાં ઘટાડા પછી આગામી સમયમાં છૂટક ફુગાવાના દરમાં જબરદસ્ત ઘટાડો નોંધાઈ શકે છે અને ત્રીજા ક્વાર્ટર સુધીમાં તે ઘટીને ૫.૭ ટકા થવાની ધારણા છે. નાણાકીય વર્ષ ૨૦૨૪ માં ફુગાવાનો દર ૫.૪ ટકા રહેવાની ધારણા છે. આ સાથે શક્તિકાંત દાસે એમ પણ કહ્યું કે સપ્ટેમ્બર ૨૦૨૨થી આરબીઆઈએ મોંઘવારી પર ચાંપતી નજર રાખી છે અને આવનારા સમયમાં પરિસ્થિતિઓ અનુસાર પગલાં લેશે.

### એસટી વિભાગે લીધો આ મોટો નિર્ણય

# એસટી બસ સ્ટેન્ડમાં ગંદકી કરવી પડી શકે છે

## નિગમ દ્વારા બસ સ્ટેન્ડની સ્વચ્છતા જળવાઈ રહે તેને ધ્યાનમાં રાખીને બસ સ્ટેન્ડની સફાઈ માટે અભિયાન પણ શરૂ કર્યું છે

અમદાવાદ, તા.૨૪

ગુજરાત વાહન વ્યવહાર વિભાગે બસ સ્ટેન્ડની સ્વચ્છતા લઈને મહત્વનો નિર્ણય લીધો છે. નિગમ દ્વારા ગંદકી ફેલાવનાર મુસાફરો સામે દંડ વસૂલવાની તૈયારી શરૂ કરી દીધી છે. ગંદકી કરનારા લોકો પાસેથી દંડ વસૂલવાની જોગવાઈ મામલે આવનાર દિવસોમાં નિર્ણય લેવામાં આવશે. જેથી મુસાફરોને બસ સ્ટેન્ડ પર કચરો ફેંકી ગંદકી કરવી ભારે પડી શકે છે. સ્વચ્છતા બાબતે ખાસ નિગમ દ્વારા પ્રથમવાર એક અધિકારીની પણ કેન્દ્રીય સ્તરે નિયુક્તિ કરવામાં આવી છે. ઓડિટ અને મોનિટરિંગ ચીફ મેનેજરનો કાર્યભાર અધિકારીને સોંપવામાં આવ્યો છે.

જે રાજ્ય પરના બસ સ્ટેન્ડ પર સ્વચ્છતા બાબતે કામ કરી રહ્યાં છે. ચીફ મેનેજર રાજ્યના તમામ એસટી બસ ડેપોમાં સ્વચ્છતા બાબતે કરશે કામગીરી કરશે. નિગમ દ્વારા બસ સ્ટેન્ડની સ્વચ્છતા જળવાઈ રહે તેને ધ્યાનમાં રાખીને બસ સ્ટેન્ડની સફાઈ માટે અભિયાન પણ શરૂ કર્યું છે. અમદાવાદના ગીતામંદિર એસટી બસ સ્ટેન્ડ પર સફાઈ બાબતે ભાર આપવામાં આવી રહ્યો છે અને ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

અમદાવાદ બસ સ્ટેન્ડ પર વિભાગના અધિકારીઓ પોતે હાજર રહીને કામ લઈ રહ્યા છે. રાજ્યના બસ સ્ટેન્ડ ઉપર દિવસ દરમિયાન હજારોની સંખ્યામાં મુસાફરોની અવરજવર થતી હોય છે.

તેમાં અમદાવાદ વડોદરા, સુરત અને રાજકોટ જેવા મહાનગરોના બસ સ્ટેન્ડ પર મુસાફરોની અવરજવર ખૂબ જ મોટા પ્રમાણમાં થતી હોય છે. આ સ્થિતિમાં સ્વચ્છતા અંગે જાગૃતતાના અભાવે ગંદકી ફેલાતી હોય છે. જોકે હવે નિગમ દ્વારા ગંદકી ફેલાવનાર મુસાફરો પાસે દંડ વસૂલવા બાબતે નીતિ ઘડવામાં આવશે.

### ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવ સુધી પહોંચનારો પ્રથમ દેશ

# ઈસરોની લાઇવ સ્ટ્રીમિંગ લિંકે પણ યુટ્યૂબ પર ઇતિહાસ રચ્યો

## લાઈવ સ્ટ્રીમિંગ એકસાથે ૮.૦૬ મિલિયન લોકોએ નિહાળ્યું હતું, જેણે યુટ્યુબના ઈતિહાસના રેકોર્ડ તોડ્યા

નવી દિલ્હી, તા.૨૪

ભારતે ફરી એકવાર ઈતિહાસ રચ્યો છે. ભારતના ચંદ્રયાન-૩એ ગઈકાલે સાંજે ચંદ્ર પર સફળ લેન્ડિંગ કર્યું હતું. આ સાથે ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવ સુધી પહોંચનારો વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે.

આ ઉપરાંત ઈસરોની લાઈવ સ્ટ્રીમિંગ લિંકે પણ યુટ્યૂબપર ઈતિહાસ રચ્યો હતો. ચંદ્રયાન-૩ના લેન્ડિંગનું લાઈવ સ્ટ્રીમિંગ એકસાથે ૮.૦૬ મિલિયન લોકોએ નિહાળ્યું હતું, જેણે યુટ્યુબના ઈતિહાસના તમામ રેકોર્ડ તોડી નાખ્યા હતા.

યુટ્યુબ પર અત્યાર સુધી બ્રાઝિલ અને દક્ષિણ કોરિયા વચ્ચેની ફૂટબોલ મેચનું લાઈવ સ્ટ્રીમિંગ એક સાથે ૬.૧૫ મિલિયન લોકોએ જોયું હતું, જેને ગઈકાલે ચંદ્રયાન-૩ના લાઈવ સ્ટ્રીમિંગથી માત આપવામાં આવી હતી.

આ ઉપરાંત ત્રીજા નંબર પર બ્રાઝિલ અને ક્રોએશિયા વચ્ચેની ફૂટબોલ મેચ છે, જેને એક સાથે ૫.૨ મિલિયન લોકોએ નિહાળી હતી.

યૂટ્યુબપર અત્યાર સુધી સૌથી વધુ જોવાયેલ લાઈવ સ્ટ્રીમિંગ

ઈસરોચંદ્રયાન-૩ : ૮.૦૬ મિલિયન

બ્રાઝિલ વિદક્ષિણ કોરિયા : ૬.૧૫ મિલિયન

બ્રાઝિલ વિક્રોએશિયાઃ ૫.૨ મિલિયન

વાસ્કો વિફ્લેમેન્ગો : ૪.૮ મિલિયન

સ્પેસએક્સક્રૂ ડેમો : ૪.૦૮ મિલિયન

બીટીએસબટરઃ ૩.૭૫ મિલિયન

સફરજન : ૩.૬૯ મિલિયન

જોની ડેપ વિએમ્બરઃ ૩.૫૫ મિલિયન

ફ્લુમિનેન્સ વિફ્લેમેન્ગો : ૩.૫૩ મિલિયન

કેરિયોકા ચેમ્પિયન, ફાઈનલઃ ૩.૨૫ મિલિયન

ઈસરોની ઓફિશિયલ યુટ્યુબ ચેનલ પર ચંદ્રયાન-૩ના લેન્ડિંગ પહેલા સબસ્ક્રાઈબર્સની સંખ્યા ૨૬ લાખ હતી, જે હવે સફળ લેન્ડિંગ બાદ વધીને ૩૫ લાખ થઈ ગઈ છે. લેન્ડિંગનું લાઈવ ટેલિકાસ્ટ લગભગ એક કલાક અને ૧૧ મિનિટ સુધી ચાલ્યું હતું અને ઈસરોએ માત્ર એક કલાકમાં ૯ લાખ સબસ્ક્રાઈબર્સ મેળવ્યા હતા.

ઈસરોનું જીવંત પ્રસારણ એકસાથે જોનારા સબસ્ક્રાઈબર્સની સંખ્યા કરતાં ત્રણ ગણા વધુ લોકોએ એક સાથે જોયું હતું.

ઈસરોની યુટ્યુબ ચેનલના ૨૬ લાખ સબ્સ્ક્રાઈબર્સ છે, પરંતુ માત્ર ૯ મિનિટમાં જ ૨૯ લાખ લોકો ચંદ્રયાન-૩નું લાઈવ લેન્ડિંગ જોવા માટે ચેનલ સાથે જોડાયા હતા.

૧૩ મિનિટમાં લાઈવ બ્રોડકાસ્ટ જોવા માટે ૩૩ લાખ લોકોએ ટ્યુન કર્યું હતું.

૧૭મી મિનિટમાં લગભગ ૪૦ લાખ લોકો લાઈવમાં જોડાયા હતા.

૩૧ મિનિટ પછી ૫૩ લાખથી વધુ લોકો ઈસરોની યુટ્યુબ ચેનલ પર લાઈવ જોડાયા હતા.

૪૫ મિનિટ પછી ૬૬ લાખ લોકો જીવંત પ્રસારણ જોઈ રહ્યા હતા. આ પછી થોડી જ મિનિટોમાં દર્શકોની સંખ્યા ૮૦ લાખ સુધી પહોંચી ગઈ હતી.

### પૃથ્વીથી ચંદ્રનું અંતર ૩ લાખ કિલોમીટરથી વધુ છે

# ચંદ્ર પર નીલ આર્મ સ્ટ્રોંગ સહિત ૧૨ લોકોનાં પડ્યા છે પગલાં

## ભારતે ૧૪ જુલાઈના રોજ સવારે ૨.૩૫ વાગ્યે ચંદ્રયાન-૩ લોન્ચ કર્યું હતું, આ પછી ચંદ્રયાન-૩ને ઘણી પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડ્યું

નવી દિલ્હી, તા.૨૪

ભારત આજે વિશ્વમાં પોતાની હાજરી સ્થાપિત કરવા માટે તૈયાર છે. ચંદ્રયાન ૩ આજે ચંદ્ર પર ઉતરશે અને દેશનું ગૌરવ વધારશે. ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર પગ મૂકનાર ભારત વિશ્વનો પ્રથમ દેશ બનશે. ભારતે ૧૪ જુલાઈના રોજ સવારે ૨.૩૫ વાગ્યે ચંદ્રયાન-૩ લોન્ચ કર્યું હતું.

આ પછી ચંદ્રયાન-૩ને ઘણી પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડ્યું. ચંદ્ર પર ચાલનાર પ્રથમ વ્યક્તિ નીલ આર્મસ્ટ્રોંગ હતા જે નાસાના એપોલો ૧૧ મિશન હેઠળ ૧૧ જુલાઈ ૧૯૬૯ના રોજ ચંદ્ર પર ગયા હતા. તેમણે પોતાની સફર માટે કહ્યું હતું - આ માણસ માટે એક નાનું પગલું છે, માનવતા માટે એક વિશાળ છલાંગ છે. વર્ષ ૨૦૧૨માં ૮૨ વર્ષની વયે તેમનું અવસાન થયું હતું. એડવિન બઝ એલ્ડ્રિન પણ નીલ આર્મસ્ટ્રોંગ સાથે ચંદ્ર મિશન પર ગયા હતા. પરંતુ ચંદ્ર પર પગ મૂકનાર તે બીજા વ્યક્તિ હતા કારણ કે આર્મસ્ટ્રોંગ પ્રથમ ઉતર્યા હતા. ચાર્લ્સ પીટ કોનરેડ એપોલો ૧૨ મિશનનો ભાગ હતા અને ચંદ્ર પર ચાલનારા ત્રીજા માણસ હતા. એપોલો ૧૨ મિશન નવેમ્બર ૧૯૬૯માં લોન્ચ કરવામાં આવ્યું હતું.

એલન બીન ચંદ્ર પર ઉતરનાર ચોથી વ્યક્તિ છે. તેઓ અમેરિકન નેવલ ઓફિસર હતા. ૧૯૬૩ માં, તેઓ અવકાશયાત્રી તરીકે પસંદ થયા અને ચાર્લ્સ પીટ સાથે એપોલો ૧૨ મિશન પર ગયા પરંતુ ચાર્લ્સ પછી ઉતર્યા. એલન બી. શેફર્ડ જુનિયર એલન બી. શેપર્ડ જુનિયર વર્ષ ૧૯૬૧માં અવકાશમાં જનાર બીજા વ્યક્તિ બન્યા જ્યારે પ્રથમ અમેરિકન હતો.

પરંતુ ૧૯૭૧માં તે ચંદ્ર પર જનાર પાંચમા વ્યક્તિ હતા. એડગર ડી. મિશેલ ચંદ્ર પર ઉતરનાર છઠ્ઠા વ્યક્તિ હતા. ૧૯૭૧માં તેણે ચંદ્ર પર ૯ કલાક વિતાવ્યા હતા.

વર્ષ ૨૦૧૬માં ૮૫ વર્ષની વયે તેમનું અવસાન થયું હતું. અમેરિકન અવકાશયાત્રી ડેવિડ આર. સ્કોટ ચંદ્ર પર ચાલનારા સાતમા વ્યક્તિ હતા. તેઓ ત્રણ વખત અવકાશમાં ગયા છે અને એપોલો ૧૫ મિશનને કમાન્ડ કર્યું છે. હાલમાં તેઓ ૯૧ વર્ષના છે. જેમ્સ ઈરવીન જેમ્સ બી. ઈરવીન અમેરિકન અવકાશયાત્રી હતા જે ચંદ્ર પર ચાલનાર આઠમા વ્યક્તિ હતા. ૧૯૯૧માં ૬૧ વર્ષની વયે તેમનું અવસાન થયું હતું. જહોન (જહોન ડબલ્યુ. યંગ) એક અમેરિકન અવકાશયાત્રી અને નૌકા અધિકારી હતા.

તેઓ ચંદ્ર પર ચાલનારા ૯મા વ્યક્તિ હતા અને ૧૯૭૨માં એપોલો ૧૬ મિશનના કમાન્ડર પણ હતા. ચાર્લ્સ એમ. ડ્યુક એપોલો ૧૬ મિશનનો ભાગ હતા અને ચંદ્ર પર ચાલનારા ૧૦મા અને સૌથી નાના અવકાશયાત્રી હતા. તેણે માત્ર ૩૬ વર્ષની ઉંમરમાં આ રેકોર્ડ બનાવ્યો હતો. યુજીન એપોલો ૧૭ મિશનનો ભાગ હતો અને ચંદ્ર પર ચાલનાર ૧૧મો વ્યક્તિ પણ હતો. હેરિસન (હેરિસન શ્મિટ) ચંદ્ર પર ચાલનારા ૧૨મા વ્યક્તિ હતા જે એપોલો ૧૭નો ભાગ હતા. તે એકમાત્ર વ્યક્તિ હતો જેને લશ્કરી ઉડ્ડયન સાથે કોઈ લેવાદેવા ન હતી.

### સરકારે સ્વીકારેલી માગણીનો ૧૮ માસથી અમલ નથી કર્યો

# કોન્ટ્રાક્ટરોના ટેન્ડર બહિષ્કારથી રાજ્યના વિકાસકામો ખોરંભે ચઢ્યા

## માગણીઓ પર તત્કાળ અમલ નહીં કરાય તો વધુ જલદ પગલાંની કોન્ટ્રાક્ટર્સ એસોસીએશન દ્વારા ચીમકી

અમદાવાદ, તા.૨૪

ગુજરાત કોન્ટ્રાક્ટર્સ એસોસિએશનની સરકારએ માર્ચ ૨૦૨૨માં સ્વીકારેલ માંગણીઓનું અમલીકરણ છેલ્લા ૧૮ માસથી કરવામાં આવતું ના હોવાથી ગુજરાતના તમામ કોન્ટ્રાકટરોએ પહેલી ઓગસ્ટથી અચોક્કસ મુદત સુધી ગુજરાત રાજ્યના તમામ વિભાગોના ટેન્ડરો નહિ ભરવાનો નિર્ણય કર્યો છે, અને આ નિર્ણયનો ચુસ્ત અમલ ગુજરાત કોન્ટ્રાક્ટર્સ એસોસિએશનના તમામ કોન્ટ્રાકટરો દ્વારા કરવામાં આવ્યો છે. આ અંગે છેલ્લા એક મહિનામાં બે વાર લેખિત રજુઆતો ૨૫ જુલાઈ અને ૧૩ ઓગસ્ટના રોજ મુખ્યમંત્રી તથા સંબંધિત સચિવો સમક્ષ કરવામાં આવી છે, અને રાજયના જુદા-જુદા જીલ્લાના સ્થાનિક કલેકટરોને પણ આ અંગે આવેદનપત્રો આપવામાં આવ્યા છે. તેમ છતાં આજદિન સુધી સરકાર તરફથી કોઈપણ પ્રકારનો સકારાત્મક પ્રતિભાવ સાંપડ્યો નથી. આધારભૂત માહિતી અનુસાર હાલમાં ગુજરાત રાજ્યના અંદાજે રુપિયા ૮૦૦૦ કરોડના ૨૪૦૦ કામોના ટેન્ડરોની જાહેરાતના તબક્કે છે. જે ગુજરાત રાજ્યના કોન્ટ્રાકટરો દ્વારા ટેન્ડર નહિ ભરવાના નિર્ણયને કારણે સમગ્ર રાજ્યના વિકાસલક્ષી કામો ખોરંભે પડેલ છે. ગુજરાત કોન્ટ્રાક્ટર્સ એસોસિએશનની વારંવારની સરકાર સમક્ષ રજૂઆતો કરવા છતાં આ અંગે સરકાર એસોસિએશનની વ્યાજબી માંગણીઓના અમલીકરણ બાબતે સંવેદનશીલ જણાતી નથી. ગુજરાત કોન્ટ્રાક્ટર્સ એસોસીએશન જણાવે છે કે, સરકાર તરફથી અમારા પ્રતિનિધિઓ સાથે રૂબરૂ ચર્ચા કરી અમલીકરણ બાબતે કોઈ હકારાત્મક પગલાં લેવામાં આવ્યા નથી. તેથી એસોસીએશન દ્વારા ટૂંકસમયમાં તમામ કોન્ટ્રાકટર ભાઈઓની એક મીટીંગ બોલાવવાનું આયોજન કરવામાં આવેલ છે, અને આ મીટીંગમાં એસોસિએશનની વ્યાજબી માંગણીઓના અમલીકરણ અંગે આગળ જલદ પગલાં લેવા અંગેનો નિર્ણય લેવામાં આવશે.

### જોહનિસબર્ગમાં નરેન્દ્ર મોદી અને શી જિનપિંગે હાથ મિલાવ્યા

# બ્રિક્સમાં વધુ છ દેશોનો સમાવેશ, સંગઠન હવે બ્રિક્સ પ્લસ બન્યું

## બ્રિક્સમાં જોડાનારા છ દેશોમાં આર્જેન્ટિના, ઇજિપ્ત, ઇથોપિયા, ઈરાન, સાઉદી અરેબિયા અને યુએઈ સામેલ, મોદીએ બ્રિક્સના વિસ્તરણને સારો નિર્ણય ગણાવ્યો

જ્હોનિસબર્ગ, તા.૨૪

બ્રિક્સ સમિટ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ આજે જોહાનિસબર્ગમાં બ્રિક્સ સમિટમાં મળ્યા હતા. બંને નેતાઓએ હાથ મિલાવીને અભિવાદન કર્યું હતું. સમાચાર એજન્સી દ્વારા શેર કરવામાં આવેલા વીડિયોમાં પીએમ મોદી જ્યારે બ્રિક્સ નેતાઓની બ્રિફિંગમાં જઈ રહ્યા હતા ત્યારે ચીનના રાષ્ટ્રપતિ સાથે વાત કરતા જોવા મળ્યા હતા.

બુધવારે, વડા પ્રધાન અને જિનપિંગે પૂર્ણ સત્રમાં હાજરી આપી હતી, પરંતુ ફોટોગ્રાફ સેશન દરમિયાન તેઓ અલગ-અલગ ઊભા રહ્યા હતા. આ પહેલા વડાપ્રધાન મોદીએ બ્રિક્સના વિસ્તરણને સારો નિર્ણય ગણાવ્યો હતો. બ્રિક્સમાં છ નવા દેશો જોડાયા છે, જેમાં આર્જેન્ટિના, ઈજિપ્ત,ઈથોપિયા, ઈરાન, સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) સામેલ છે.

ભારતે હંમેશા બ્રિક્સના વિસ્તરણને સમર્થન આપ્યું છે. ભારત હંમેશા માને છે કે નવા સભ્યો ઉમેરવાથી બ્રિક્સ એક સંગઠન તરીકે મજબૂત થશે. મને આનંદ છે કે અમારી ટીમો બ્રિક્સના વિસ્તરણ માટે માર્ગદર્શક સિદ્ધાંતો, ધોરણો, ધોરણો, પ્રક્રિયાઓ પર સંમત થવા માટે એકસાથે આવી છે. બ્રિક્સના વિસ્તરણના નિર્ણયથી બહુ-ધ્રુવીય વિશ્વમાં ઘણા દેશોનો આત્મવિશ્વાસ વધુ મજબૂત થશે અને તમામનો ઝડપથી વિકાસ થશે.

ગયા નવેમ્બરમાં, પીએમ મોદીએ ચીની રાષ્ટ્રપતિ સાથે હાથ મિલાવ્યા હતા અને બાલીમાં જી૨૦ નેતાઓ માટે ઔપચારિક રાત્રિભોજનમાં ટૂંકી વાતચીત કરી હતી, જે ૨૦૨૦ માં લદ્દાખમાં લશ્કરી ગતિરોધની શરૂઆત પછી જાહેરમાં તેમની પ્રથમ સામ-સામે બેઠક હતી.

જૂન ૨૦૨૦માં ગાલવાન ઘાટીમાં બંને સેનાઓ વચ્ચે અથડામણ થઈ ત્યારથી ભારત અને ચીન વચ્ચે તણાવ છે. પરિસ્થિતિને ઉકેલવા માટે બંને દેશોએ સૈન્ય સ્તરની વાતચીતના ૧૯ રાઉન્ડ યોજ્યા છે.

ભારત, દક્ષિણ આફ્રિકા, બ્રાઝીલ, ચીન અને રશિયાના સભ્યપદવાળા બ્રિક્સ સંગઠનમાં હવે નવા ૬ દેશોને સામેલ કરવામાં આવ્યા છે. દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિએ [redacted] સામેલ કરવામાં આવ્યા છે. નવા સભ્યો જોડાયા બાદ આ સંગઠનને બ્રિક્સ પ્લસ કહેવાશે. માહિતી અનુસાર દ.આફ્રિકાના રાષ્ટ્રપતિએ જણાવ્યું કે આ દેશોનું સભ્યપદ ૧ જાન્યુઆરી, ૨૦૨૪થી લાગુ પડશે.

ભૌગોલિક ફેક્ટરને નવા સભ્યોની ચૂંટણી દરમિયાન સૌથી વધુ મહત્ત્વ અપાયું છે. તેના માધ્યમથી એવો પ્રયાસ કરાયો છે કે બ્રિક્સની અંદર પ્રાદેશિક સંતુલન જળવાઈ રહે. માહિતી અનુસાર બ્રિક્સ સંગઠનમાં ચીન તેના સમર્થક દેશોને સામેલ કરવા માગતું હતું જેથી આ સંગઠનને જી-૭ વિરુદ્ધ ઊભું કરવામાં આવી શકે. જોકે ભારતે તેના ઈરાદાઓ પર પાણી ફેરવી નાખ્યું.

બ્રિક્સમાં સામેલ તમામ દેશો સાથે ભારતના ઘણા સારા સંબંધો છે. અહેવાલ મુજબ, ભારત અને ચીન વચ્ચે વિવાદ હોવા છતાં, તમામ બ્રિક્સ સભ્ય દેશો તેના વિસ્તરણ પર સહમત છે.

દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિએ આજે આ સભ્યોની જાહેરાત કરી છે. આ પહેલા ઓછામાં ઓછા ૨૦ દેશોએ ઔપચારિક રીતે બ્રિક્સમાં સામેલ થવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જેમાંથી ૪ આફ્રિકાના હતા.

### સંયુક્ત ખાતામાં ખાતાધારકોની સંખ્યામાં ફેરફાર

# પોસ્ટ ઓફિસે તેના બચત ખાતામાં કર્યા ત્રણ મોટા ફેરફાર

## સંયુક્ત ખાતાના નિયમો સિવાય સરકારે ખાતામાંથી પૈસા ઉપાડવાના નિયમોમાં પણ ઘણા ફેરફાર કર્યા છે

નવી દિલ્હી, તા.૨૪

પોસ્ટ ઓફિસના દેશભરમાં કરોડો ગ્રાહકો છે જેમના માટે તે વિવિધ યોજનાઓ ચલાવે છે.

બેંકોની જેમ તમે પણ પોસ્ટ ઓફિસમાં જઈને પોસ્ટ ઓફિસ સેવિંગ એકાઉન્ટ ખોલી શકો છો, જેમાં તમને સુરક્ષાની સાથે સારા રિટર્નની ગેરંટી પણ મળે છે.

જો તમે પણ પોસ્ટ ઓફિસમાં બચત ખાતું ખોલાવવાનું વિચારી રહ્યા છો, તો આ સમાચાર તમારા માટે ઉપયોગી છે. તાજેતરમાં, પોસ્ટ ઓફિસમાં આ ખાતાના નિયમોમાં કેટલાક ફેરફારો કરવામાં આવ્યા છે.

અહેવાલ અનુસાર, ૩ જુલાઈ, ૨૦૨૩ના રોજ ઈ-નોટિફિકેશન જારી કરીને નાણા મંત્રાલયે પોસ્ટ ઓફિસના બચત ખાતામાં ફેરફાર અંગે માહિતી આપી છે. નોંધનીય છે કે આ તમામ ફેરફારો ખાતાધારકની સુવિધા માટે કરવામાં આવ્યા છે.

આવી સ્થિતિમાં, જો તમે પણ પોસ્ટ ઓફિસમાં બચત ખાતું ખોલાવવા જઈ રહ્યા છો, તો તમારે આ નિયમો વિશે જાણવું જરૂરી છે. નોંધપાત્ર વાત એ છે કે, અગાઉ પોસ્ટ ઓફિસ તેના ગ્રાહકોને સંયુક્ત ખાતામાં માત્ર બે લોકો સાથે ખાતું ખોલવાની મંજૂરી આપતી હતી, જે હવે વધારીને ત્રણ કરી દેવામાં આવી છે.

આવી સ્થિતિમાં હવે પોસ્ટ ઓફિસમાં એક સાથે ત્રણ લોકો સેવિંગ એકાઉન્ટ ખોલાવી શકશે. સંયુક્ત ખાતાના નિયમો સિવાય સરકારે ખાતામાંથી પૈસા ઉપાડવાના નિયમોમાં પણ ઘણા ફેરફાર કર્યા છે. પોસ્ટ ઓફિસ સેવિંગ એકાઉન્ટમાંથી પૈસા ઉપાડવા માટે હવે ગ્રાહકોએ ફોર્મ ૨ને બદલે ફોર્મ ૩ સબમિટ કરવું પડશે. આ ફેરફાર બાદ હવે ગ્રાહક પાસબુક બતાવીને ખાતામાંથી ઓછામાં ઓછા ૫૦ રૂપિયા ઉપાડી શકશે. અગાઉ ૫૦ રૂપિયા માટે પણ ફોર્મ ૨ ભરીને અને પાસબુક પર સહી કરીને પૈસા ઉપાડવા પડતા હતા. પોસ્ટ ઓફિસ સેવિંગ્સ સ્કીમ સ્કીમ હેઠળ હવે ૧૦મા દિવસથી મહિનાના છેલ્લા દિવસ સુધી સૌથી ઓછી રકમ પર ૪ ટકા વ્યાજ દરનો લાભ મળશે. આ સાથે, આ વ્યાજની રકમ આ વર્ષના અંતમાં બચત ખાતામાં જમા કરવામાં આવશે. બીજી તરફ, જો કોઈ ખાતાધારકનું મૃત્યુ થાય છે, તો આવી સ્થિતિમાં ખાતાધારકને તે જ મહિનામાં વ્યાજની રકમ મળશે જેમાં વ્યક્તિનું મૃત્યુ થયું હતું.

### સ્વદેશી બનાવટના હળવા લડાકૂ વિમાન

# હવામાંથી હવામાં પ્રહાર કરતી અસ્ત્ર મિસાઈલનું સફળ પરીક્ષણ

## આશરે ૨૦,૦૦૦ ફૂટની ઊંચાઈએ વિમાન દ્વારા મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું

ગોવા, તા.૨૪

દેશમાં જ નિર્મિત હળવા લડાકૂ વિમાન (એલસીએ) એલએસપી-૭ તેજસે બુધવારે ગોવાના કિનારેથી હવામાંથી હવામાં પ્રહાર કરતી અસ્ત્ર મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું.

અધિકારીઓએ કહ્યું કે આશરે ૨૦,૦૦૦ ફૂટની ઊંચાઈએ વિમાન દ્વારા મિસાઈલનું સફળ પરીક્ષણ કરાયું હતું.

ગોવાના દરિયા કિનારે સ્વદેશી બિયોન્ડ વિઝ્યુઅલ રેન્જ(બીવીઆર), હવામાંથી હવામાં જ પ્રહાર કરતી મિસાઈલ અસ્ત્રનું સફળ પરીક્ષણ કરાયું હતું.

પરીક્ષણ સંબંધિત તમામ ઉદ્દેશ્યો પૂરાં થયા હતા અને આ એક આદર્શ તથા સચોટ લોન્ચિંગ રહ્યું હતું.

આ વિમાનનું નિરીક્ષણ તેજસ ટ્વિન સીટર વિમાન દ્વારા કરાયું હતું. અસ્ત્ર એક અત્યાધુનિક બીવીઆર હવાથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ છે જે અત્યાધિક કલાબાજીવાળા સુપરસોનિક હવાઈ લક્ષ્યોને ભેદવા અને નષ્ટ કરવામાં સક્ષમ છે.

આ મિસાઈલ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ લેબોરેટરી (ડીઆરડીએલ), રિસર્ચ સેન્ટર ઈમારત (આરસીઆઈ) અને અન્ય પ્રયોગશાળાઓ દ્વારા ડિઝાઈન તથા વિકસિત કરાઈ છે. ડીઆરડીઓના ઘરેલુ તેજસ લડાકૂ વિમાનથી સ્વદેશી અસ્ત્ર બીવીઆર પરીક્ષણ આત્મનિર્ભર ભારતની દિશામાં એક મોટું પગલું છે.

### જીવનજરૂરી ચીજ[redacted] લોકો પરેશાન

# પાંચ વર્ષમાં [redacted]ગાવો વધી ૧૪ ટકા[redacted] પહોંચ્યો

નવી દિલ્હી, તા.૨૪

દિવસેને દિવસે રોજીંદી જરૂરી ચીજવસ્તુઓના વધતા ભાવે સામાન્ય લોકો પર મોંઘવારીનો બોજ વધાર્યો છે.

તેના ઉપર, કોવિડ સમયગાળાથી, હોસ્પિટલમાં પણ સારવાર મોંઘી થઈ ગઈ છે. છેલ્લા પાંચ વર્ષમાં હોસ્પિટલમાં દાખલ થયા બાદ સારવાર પાછળનો ખર્ચ બમણા દરે વધ્યો છે. એક તરફ જ્યાં મોંઘવારી દર ૭ ટકાની આસપાસ છે ત્યાં મેડિકલ ફુગાવો ૧૪ ટકાથી વધુના દરે વધી રહ્યો છે.

એક રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, ૨૦૧૮માં ચેપી રોગોની [redacted] ૮૦,૦૦૦ થી વધીને રૂ. ૧.૭૦ લાખ થયો છે.

કોરોના રોગચાળા બાદ, સારવાર પર ખર્ચમાં વધારો થયો છે, ખાસ કરીને રોગની સારવાર સૌથી મોંઘી બની છે. સારવાર માટે વપરાતી સામગ્રી પર પણ ખર્ચ વધ્યો છે. અગાઉ આ સામગ્રીનો હિસ્સો કુલ બિલમાં ૩ થી ૪ ટકા હતો, જે હવે વધીને ૧૫ ટકા થયો છે. મેડિકલ ફુગાવો અન્ય મોંઘવારી કરતા ઝડપી દરે વધી રહ્યો છે. મોંઘવારી દર ૭ ટકા છે પરંતુ તબીબી ફુગાવો બમણા દરે વધી રહ્યો છે. હેલ્થ ઈન્સ્યોરન્સની માંગ વધવાને કારણે સારવાર પણ મોંઘી થઈ ગઈ છે.

### ચંદ્રયાન-૩ના સફળ ઊતરાણ સાથે ભારતનો ઈતિહાસ

# ચંદ્રયાન-૩ની સફળતામાં નાના શહેરથી આવેલા વૈજ્ઞાનિકોનું મોટું યોગદાન

## કોઈ વૈજ્ઞાનિકે સાધન સામગ્રીની રચના કરી તો કોઈ વૈજ્ઞાનિકે ચંદ્રયાન પર દરેક ક્ષણે નજર રાખી

નવી દિલ્હી, તા.૨૪

ભારતે ગઈકાલે અવકાશમાં નવો ઈતિહાસ રચ્યો હતો. ચંદ્રયાનના સફળ લેન્ડિંગમાં ઈસરોની વિશાળ ટીમે કામ કર્યુ છે. દેશભરમાંથી ઘણા આશાસ્પદ વૈજ્ઞાનિકોને ટીમનો હિસ્સો હતા, જેઓ અલગ-અલગ જગ્યાના છે. આ ટીમોમાં યુપીના ઘણા વૈજ્ઞાનિકોએ પણ મહત્વની ભૂમિકા ભજવી છે. કોઈએ સાધનસામગ્રીની રચના કરી તો કોઈ ચંદ્રયાન પર દરેક ક્ષણે નજર રાખી રહ્યું હતું. મુરાદાબાદ, અલીગઢ અને બુદૌન જેવા નાના શહેરોમાંથી બહાર આવેલા આ વૈજ્ઞાનિકોએ ભારતની આ સફળતામાં મોટો ફાળો આપ્યો છે.

અલીગઢના પ્રિયાંશુ વાર્શ્નેય ઈસરોની મહત્વની ટીમનો ભાગ હતો, જે લેન્ડર અને રોવર પર કામ કરી રહ્યો હતો. એમ.ટેક (ઈલેક્ટ્રોનિક્સ)નો અભ્યાસ કરેલા પ્રિયાંશુના પિતા ડૉ. રાજીવ કુમાર વાર્શ્નેય એસવીકૉલેજમાં ભૂગોળ વિભાગમાં પ્રોફેસર છે. માતા મમતા ગુપ્તા પ્રાથમિક શાળામાં સહાયક શિક્ષિકા છે.

મિર્ઝાપુરના યુવા વૈજ્ઞાનિક આલોક કુમાર પાંડે પણ આ મિશનમાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. આલોક અને તેના સાથીઓએ લેન્ડિંગ અને મેસેજની જવાબદારી સંભાળી છે. પિતા સંતોષ પાંડેએ તેમના પુત્ર આલોક સાથેની ટેલિફોનિક વાતચીત વિશે જણાવ્યું કે તે સતત ત્રણ દિવસ સુધી ઈસરોના કમાન્ડ સેન્ટરમાં કામ કરતો રહ્યો હતો. ઈસરોમાં વરિષ્ઠ વૈજ્ઞાનિક તરીકે કામ કરી રહેલા આલોકને મંગળ મિશન ૨૦૧૪માં તેમની મહત્વપૂર્ણ ભૂમિકા માટે આઉટસ્ટેન્ડિંગ સાયન્ટિસ્ટ એવોર્ડ મળ્યો છે.

બદાયુંના ઉઝાનીના રહેવાસી સત્યપાલ અરોરાએ ચંદ્રયાન-૩ના લોન્ચ વ્હીકલના બીજા તબક્કાના લિક્વિડ પ્રોપલ્શનના હવાલામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ઈસરોમાં વરિષ્ઠ વૈજ્ઞાનિક તરીકે કામ કરતા સત્યપાલે ૬૦ લોકોની ટીમ સાથે ચંદ્રયાનના બીજા તબક્કામાં લિક્વિડ પ્રોપલ્શનનું પરીક્ષણ અને વિશ્લેષણ પૂર્ણ કર્યું હતું.

મુરાદાબાદના કાંશીરામ નગર ઈ-બ્લોકના રહેવાસી મેઘ ભટનાગર અને તેમની પત્ની ગૌતમી, ઓન-બોર્ડ સોફ્ટવેર વૈજ્ઞાનિકો તરીકે આ મિશનમાં સામેલ હતા, જ્યારે ખુશહાલ નગરના રહેવાસી વૈજ્ઞાનિક રજત પ્રતાપ સિંહે પણ ચંદ્રયાન ૩ મિશનમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. મેઘ અગાઉ ચંદ્રયાન-૨ સાથે સંકળાયેલો હતો. રજત ઈસરોની પસંદગી પરીક્ષણમાં ઓલ ઈન્ડિયા ટોપર રહ્યો છે.

પ્રતાપગઢના રવિ કેસરવાણી ચંદ્રયાન-૩ મિશનની ટીમમાં છે, જેણે શેપ (હેબિટેબલ પ્લેનેટરી અર્થની સ્પેક્ટ્રો પોલરોમેટ્રી) નામનું એક ખાસ સાધન બનાવ્યું છે. તે પૃથ્વી પરથી ચંદ્ર પર મોકલવામાં આવતા સિગ્નલનો અભ્યાસ કરશે. રવિ ૨૦૧૬માં ઈસરોમાં જોડાયા હતા. તેમની નિમણૂક ૨૦૧૯માં વૈજ્ઞાનિક તકનીકી અધિકારી-સીના પદ પર કરવામાં આવી હતી.

ચંદ્રયાન-૩નું ચંદ્ર પર સફળ લેન્ડિંગ થઈ ગયું છે, આ દેશવાસીઓ અને ઈસરોની આખી ટીમની સફળતા છે... આ શબ્દો છે આરુષિ શેઠના હતા. આ સાંભળીને માત્ર દેશ જ નહીં વિદેશમાં રહેતા ભારતીયો પણ ઉત્સાહિત થઈ ગયા. અંબાલાની પુત્રવધૂ આરુષિ સેઠ ઈસરોમાં સ્પેસ સાયન્ટિસ્ટ છે અને ચંદ્રયાન-૩માં વિક્રમ લેન્ડર કંટ્રોલ યુનિટમાં કામ કરે છે. જ્યારે ગઈકાલે ચંદ્રયાન-૩ના લેન્ડિંગ માટે કાઉન્ટ ડાઉન શરૂ થયું ત્યારે ઈસરોવતી આરુષિ સેઠ જ દેશને આ કાર્યક્રમ વિશે જણાવી રહ્યા હતા. ચંદ્રયાન-૩ની સફળતા સાથે હરિયાણાની પ્રતિષ્ઠા પણ વધી છે. આરુષિ ઉપરાંત ભિવાનીના બડસી જાટાન ગામના દેવેશ ઓલા અને હિસારના યશ મલિકે પણ મહત્વનું યોગદાન આપ્યું છે.

### મહારાષ્ટ્રના વિદર્ભ વિસ્તારમાંથી આંકડો સામે આવ્યો

# મહારાષ્ટ્રના યવતમાલમાં ૮૨ દિવસમાં ૮૨ ખેડૂતોની આત્મહત્યા

યવતમાલ, તા.૨૪

આખો દેશ ચંદ્રયાન-૩ની સફળતાને ઉમળકાભેર આવકારી રહ્યો છે. ભારતે હવે ચંદ્ર પર ડગ માંડી દીધા છે. ભારતની આ મોટી સિદ્ધિ વચ્ચે પૂર્વી મહારાષ્ટ્રના વિદર્ભ વિસ્તારમાંથી એક ચોંકાવનારો આંકડો સામે આવ્યો છે. યવતમાલ જિલ્લામાં ૧ જૂનથી પ્રતિદિન લગભગ એક ખેડૂત આત્મહત્યા કરી રહ્યો છે. આ જાણકારી સામાજિક કાર્યકર્તાઓએ બુધવારે આપી હતી. વિદર્ભ જન આંદોલન સમિતિના અધ્યક્ષ કિશોર તિવારીએ ચેતવણી આપતા કહ્યું કે, કૃષિ સંકટથી દેશમાં સૌથી વધુ પ્રભાવિત યવતમાલમાં ૧ જૂનથી અત્યાર સુધીમાં ૮૨ ખેડૂતોએ નિરાશ થઈને આ પગલું ભર્યું છે. જે લોકસભા ચૂંટણી પહેલા સરકાર માટે નિરાશાજનક સ્થિતિનો સંકેત છે.

તિવારીએ જણાવ્યું કે, આટલું જ નહીં ૧ જાન્યુઆરીથી વિદર્ભ વિસ્તારના ૧૦ જિલ્લામાં અનેક મહિલાઓ સહિત ઓછામાં ઓછા ૧,૫૬૭એ જીવન ટૂંકાવ્યું છે. જેઓ વિભિન્ન પ્રકારની પ્રાકૃતિક કે માનવ સર્જિત સમસ્યાઓનો સામનો કરી રહ્યા હતા. વિદર્ભના કૃષિ સંકટના પહેલી વખત જનતા સામે આવ્યા બાદ ૮ મહિનાના આ આંકડા છેલ્લા ૨૫ વર્ષોમાં એક નવો રેકોર્ડ છે. તેમણે જણાવ્યું કે, આ ઘટનાક્રમ વડાપ્રધાન મોદીની ઘોષણાના થોડા જ દિવસો બાદ આવ્યા છે કે, ભારતે છેલ્લા ૯ વર્ષમાં રેકોર્ડ કૃષિ વિકાસ પ્રાપ્ત કર્યો છે. તિવારીએ જણાવ્યું કે, જો આ ત્રાસદી માત્ર એક જ રાજ્યના એક જ જિલ્લા અને એક પ્રદેશની છે તો દેશના અન્ય ક્ષેત્રો અનેરાજ્યોના આંકડામાં તેનાથી પણ વધુ ચોંકાવનારા ખુલાસા થઈ શકે છે. તેમણે પુનરાવર્તન કર્યું કે, ખેતીની કિંમત, પાક અને લોનના મુખ્ય મુદ્દાઓ પર કેન્દ્ર સરકાર દ્વારા હજુ સુધી ધ્યાન આપવામાં નથી આવ્યું. જેણે સમગ્ર ભારતમાં ખાસ કરીને મહારાષ્ટ્રમાં સામાન્ય ખેડૂતોને અસર કરી છે અને અંતે તેમને જીવનનો અંત લાવવાનું અંતિમ પગલું ભરવાની ફરજ પડી છે. શિવસેના (યુબીટી) નેતા જે હાલમાં વિદર્ભ પ્રદેશની મુલાકાતે છે તેમણે ભારતીય જનતા પાર્ટી સરકારની પણ ટીકા કરી અને આરોપ લગાવ્યો કે, છેલ્લા ૧૦ વર્ષમાં કેન્દ્ર અને રાજ્યના તમામ કથિત રાહત પેકેજ સંકટગ્રસ્ત ખેડૂતોની કોઈ પણ સહાયતા કરવામાં નિષ્ફળ રહ્યા છે.તિવારીએ કહ્યું કે, તમામ મોટા વચનો અને ખાતરીઓ છતાં આત્મહત્યાઓનો સિલસિલો યથાવત છે.

કારણ કે, સ્થાનિક સ્તરે ભ્રષ્ટાચાર, રાજકીય પહેલનો અભાવ અને અસંવેદનશીલ વહીવટની સાથે-સાથે ગ્રામીણ અર્થતંત્રનો કરોડરજ્જુ તૂટી ગયો છે. સરકાર પૃથ્વી પરના નરક પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે ચંદ્રમાંને જોવામાં વ્યસ્ત છે. જ્યાં ખેડૂતો પૂરતા વળતર વિના તેમનું આખું જીવન વિતાવી રહ્યા છે. ખેડૂતોના મૃત્યુમાં તાજેતરના ઉછાળાના કારણોની યાદી આપતા તિવારીએ જણાવ્યું કે, મુખ્ય રોકડિયો પાક, કપાસ - જે ઓછી માંગનો સામનો કરી રહ્યો છે જેણે અર્થતંત્રને ઠપ્પ કરી દીધું છે.

### ચંદ્રયાન-૩ની સફળતાથી દેશ રોમાંચિત

# ચંદ્રયાન-૪ માટે ઈસરોને પરવાનગી મળવાની શક્યતા

## ચંદ્ર પર લેન્ડિંગ બાદ રોવરને પાછું ધરતી પર લાવવાના પ્રયાસો રહેશે, એટલે કે રોવર નમૂના લઈને પૃથ્વી પર પરત આવશે

નવી દિલ્હી, તા.૨૪

ચંદ્રના દક્ષિણ ધ્રૂવ પર ચંદ્રયાન-૩ની સફળ લેન્ડિંગ ભારત અને દુનિયા માટે અનેક રીતે મહત્ત્વપૂર્ણ છે. આ સફળતા જ્યાં ભારતના ચંદ્રમિશન કાર્યક્રમને આગામી તબક્કા તરફ લઈ જશે જેમાં ચંદ્ર પર પહોંચી ત્યાંના નમૂના લઈને પાછા પૃથ્વી પર આવવાનું સામેલ છે. જ્યારે અમેરિકાના આર્ટેમિસ-૩ મિશનનું માર્ગદર્શન કાર્યક્રમ પણ કરશે. ત્રીજું આ મિશન ચંદ્રના ઘણા રહસ્યો પરથી પરદો હટાવી શકે છે.

સૂત્રોના જણાવ્યાનુસાર ઈસરોના વૈજ્ઞાનિકોને જલદી જ ચંદ્રયાન-૪ માટે પરવાનગી મળી શકે છે. તેમાં ભારત ચંદ્રવિજય અભિયાનમાં વધુ એક પગલું આગળ વધારશે. તેમાં ચંદ્ર પર સોફ્ટ લેન્ડિંગ બાદ રોવરને પાછું ધરતી પર લાવવાના પ્રયાસો રહેશે. એટલે કે રોવર નમૂના લઈને પૃથ્વી પર પરત આવશે.

ચંદ્રયાન-૩ની મદદથી ભારતે ચંદ્રના એ ભાગમાં સોફ્ટ લેન્ડિંગ કરી સફળતા મેળવી છે જ્યાં અત્યાર સુધી ચંદ્ર પર વિજય મેળવનારા અમેરિકા, રશિયા અને ચીનના અભિયાન પણ સફળ થયા નથી પણ જોકે આ ત્રણેય દેશોની વાત કરીએ તો તેઓ તેમના મિશનને ચંદ્ર પર મોકલી નમૂના લઈને પાછા ધરતી પર પરત આવવામાં સફળ થઈ ચૂક્યા છે.

### ઓગસ્ટમાં ગુજરાત રહ્યું કોરુંકટ

# ગુજરાત રાજ્યમાં સિઝનનો કુલ ૮૧ ટકા વરસાદ

## જ્યારે સૌથી ઓછો પાણીનો સંગ્રહ મધ્ય ગુજરાતના ૧૫ ડેમમાં માત્ર ૪૯.૨૦ ટકા પાણીનો જથ્થો છે

અમદાવાદ, તા.૨૪

રાજ્યમાં હાલ મેઘરાજા જાણે આરામના મૂડમાં હોય તેમ ઓગસ્ટ મહિનામાં ખાસ વરસાદ વરસ્યો નથી. ત્યારે જૂન અને જુલાઈમાં શ્રીકાર વરસેલા વરસાદ સાથે રાજ્યમાં સિઝનનો કુલ ૮૧ ટકાથી વધારે વરસાદ વરસ્યો છે. જેમાં કચ્છ ઝોનમાં સૌથી વધુ ૧૩૬ ટકા વરસાદ નોંધાયો છે. જ્યારે મધ્ય ગુજરાતમાં ૬૬ ટકા વરસાદ નોંધાયો છે. રાજ્યમાં ડેમની સ્થિતિ પર નજર કરીએ તો સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમમાં ૮૩.૯૨ ટકા પાણીનો જથ્થો સંગ્રાયેલો છે. જ્યારે સૌથી ઓછો પાણીનો સંગ્રહ મધ્ય ગુજરાતના ૧૫ ડેમમાં માત્ર ૪૯.૨૦ ટકા પાણીનો જથ્થો છે. મળતી માહિતી પ્રમાણે, ગુજરાતમાં સિઝનનો સરેરાશ ૮૧.૫૪ ટકા વરસાદ નોંધાયો છે. આંકડા જોઈએ તો કચ્છ ઝોનમાં સૌથી વધુ ૧૩૬ ટકા વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્રમાં સરેરાશ ૧૧૦ ટકા, દક્ષિણ ગુજરાતમાં સિઝનનો ૭૩ ટકા, ઉત્તર ગુજરાતમાં ૬૮ ટકા, મધ્ય ગુજરાતમાં ૬૬ ટકા વરસાદ નોંધાયો છે. રાજ્યના ૨૦૭ ડેમની સ્થિતિ જોઈએ તો, સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમમાં ૮૩.૯૨ ટકા પાણીનો જથ્થો છે. આ સાથે દક્ષિણ ગુજરાતના ૧૩ ડેમમાં ૭૬.૫૨ ટકા પાણીનો જથ્થો સંગ્રહાયેલો છે. ઉત્તર ગુજરાતના ૧૫ ડેમમાં ૭૩.૯૯ ટકા પાણીનો જથ્થો છે. કચ્છના ૨૦ ડેમમાં ૬૪.૭૫ ટકા પાણીનો જથ્થો છે. જ્યારે મધ્ય ગુજરાતના ૧૫ ડેમમાં ૪૯.૨૦ ટકા પાણીનો જથ્થો નોંધાયો છે. આ સાથે સરદાર સરોવર ડેમની સ્થિતિ જોઈએ તો, ૭૮.૬૧ ટકા પાણીનો જથ્થો છે. બોટાદમાં વહેલી સવારથી વાદળછાયું વાતાવરણ છવાયુ છે. શહેરના ઘણા વિસ્તારોમાં ધીમીધારે વરસાદ વરસતા લોકોમાં ખુશીનો માહોલ છવાયો છે. શહેરમાં પાળિયાદ રોડ, ગઢડા રોડ, ભાવનગર રોડ, સાળંગપુર રોડ સહિતના વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. લાંબા સમય બાદ શહેરમાં વરસાદ વરસતા લોકો અને ખેડૂતોએ હાશકારો અનુભવ્યો છે. રાજ્યના હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના ડિરેક્ટર ડો. મનોરમા મોહંતી દ્વારા રાજ્યના હવામાન અંગેની સંભાવનાઓ વ્યકત કરીને બુધવારે માહિતી આપી હતી. જેમાં તેમણે જણાવ્યુ હતુ કે, મોટાભાગે હળવા વરસાદની શક્યતાઓ છે. હવામાન કેન્દ્ર દ્વારા આજના વરસાદ અંગે સંભાવનાઓ વ્યક્ત કરી છે. જેમાં ગુજરાત રિજન (સૌરાષ્ટ્ર-કચ્છ સિવાય)માં બનાસકાંઠા, સાબરકાંઠા, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને દમણ, દાદરા નગર હવેલીમાં હળવાથી સામાન્ય વરસાદની સંભવાના વ્યક્ત કરી છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે ગુજરાત હવામાન અંગે આગાહી જણાવતા કહ્યુ હતુ કે, અલનિનોની અસરના કારણે વરસાદની સ્થિતિ બરાબર રહી શકશે નહીં. સિસ્ટમ નથી બની રહી છતાં કોઈકોઈ સ્થાનિક ગતિવિધીના કારણે વરસાદ ઝાપટાં પડવાની શક્યતા રહેશે. તારીખ ૨૪થી ૨૬ ઓગસ્ટના દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયા કિનારે હળવા ઝાંપટા પડવાની શક્યતા રહેશે. ૨૯થી ૩૧ ઓગસ્ટના વરસાદી ઝાંપટા વધશે. ૨૯ ઓગસ્ટ આસપાસ બંગાળના ઉપસાગરમાં લો પ્રેશર સિસ્ટમ સક્રિય થશે. પરંતુ ૩૧ ઓગસ્ટ આસપાસ હોંગકોગ બાજુ બનતુ ચક્રવાત બંગાળના ઉપસાગરનો ભેજ ખેંચશે.

### પાકિસ્તાનમાં ટ્રેન્ડ થયું Congratulations Neighbors

# ચંદ્રયાન-૩ પર પાકિસ્તાનીઓએ ભારતને આપ્યા અભિનંદન

## ભારતના ચંદ્રયાન-૩ ઉપગ્રહે બુધવારે ચંદ્રના દક્ષિણ ધ્રુવીય ક્ષેત્ર પર વિક્રમ લેન્ડરને સફળતાપૂર્વક લેન્ડ કર્યું હતું

નવી દિલ્હી, તા.૨૪

ભારતના ચંદ્રયાન-૩ ઉપગ્રહે બુધવારે ચંદ્રના દક્ષિણ ધ્રુવીય ક્ષેત્ર પર વિક્રમ લેન્ડરને સફળતાપૂર્વક લેન્ડ કર્યું હતું. આ સાથે ભારતે ઈતિહાસ રચ્યો છે. આ માત્ર ભારત માટે જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ માટે એક મોટી ઉપલબ્ધિ છે.

મિશનની સફળતા માટે દેશભરમાં પ્રાર્થનાઓ ચાલી રહી હતી. વિશ્વભરના વૈજ્ઞાનિકો અને સામાન્ય લોકોની નજર આ મિશન પર ટકી હતી.

ઈતિહાસ રચીને ભારતે સમગ્ર વિશ્વને ચોંકાવી દીધું છે. દરેક વ્યક્તિ સ્પેસ એજન્સી ઈસરોની મહેનતની પ્રશંસા કરી રહી છે. આ પ્રસંગે પાકિસ્તાની ઓએ પણ ભારતને અભિનંદન પાઠવ્યા છે. પાકિસ્તાનમાં સોશિયલ મીડિયા પર **Congratulations Neighbors** ખૂબ જ ટ્રેન્ડ થયું હતું. પાકિસ્તાનને ભારત સાથે ગમે તેટલી દુશ્મની હોય, પરંતુ આ સફળતા પછી પાકિસ્તાનીઓ પણ ભારતને અભિનંદન આપવાથી પાછળ રહ્યા નહોતા. તે તસવીરો શેર કરીને જણાવી રહ્યા છે કે આજે પાકિસ્તાન ક્યાં છે અને ભારત ક્યાં પહોંચી ગયું છે.

ઉસબાહ મુનેમ નામના યુઝરે કહ્યું હતું કે **Congratulations Neighbors**, તેમાં કોઈ શંકા નથી કે તમે ટેક્નોલોજીના ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામ કરી રહ્યા છો. યાસિર ખાન નામના યુઝરે કહ્યું હતું, અલ્લાહ કોઈ સમુદાયની સ્થિતિ ત્યાં સુધી બદલતા નથી જ્યાં સુધી તે પોતાની જાતને બદલે નહીં. **Congratulations Neighbors.** મોટી સિદ્ધિ. હસીબ અહેમદે કહ્યું હતું કે 'પાકિસ્તાનીઓ તેમના મતભેદો ભૂલી ગયા છે. **Congratulations Neighbors**ની સાથે પાકિસ્તાનમાં પણ **Congratulations India**નો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. ભારતે બતાવી દીધું છે કે તમામ મુશ્કેલીઓ વચ્ચે પણ જો તમારી પાસે સાચા લોકો હોય તો કશું જ અશક્ય નથી. આમિર અવાને લખ્યું કે 'એક પાકિસ્તાની તરીકે હું માનું છું કે ભારત આર્થિક રીતે આપણાથી ઘણું આગળ છે અને આજે ભારતની પ્રશંસા થવી જોઈએ. ભારતને અભિનંદન.

### લેન્ડર વિક્રમે પાવર ડિસેન્ટમાં ચંદ્રની તસવીરો લીધી

# લેન્ડિંગ સ્થળનો એક ભાગ અને લેન્ડરનો મેટલ લેગ જોવા મળ્યો

## લેન્ડિંગના થોડા કલાકો બાદ રોવર લેન્ડરમાંથી બહાર નીકળી ગયું, જે આગામી ૧૪ દિવસ સુધી ચંદ્ર પર ચાલશે

નવી દિલ્હી, તા.૨૪

ભારત માટે ગઈકાલનો દિવસ ઐતિહાસિક રહ્યો હતો, કારણ કે ચંદ્રયાન ૩ મિશન હેઠળ મોકલવામાં આવેલા વિક્રમ લેન્ડરે ચંદ્રની સપાટી પર સફળતાપૂર્વક લેન્ડિંગ કરીને ઈતિહાસ રચી દીધો હતો. વિક્રમ લેન્ડરના ચંદ્ર પર લેન્ડિંગ બાદ ઈસરોએ પ્રથમ તસવીર જાહેર કરી છે. લેન્ડર વિક્રમે પાવર ડિસેન્ટ દરમિયાન ચંદ્રની સપાટીની ઘણી તસવીરો લીધી હતી. આ તસવીર લેન્ડિંગ સ્થળનો એક ભાગ છે અને લેન્ડરનો મેટલ લેગ અને તેનો પડછાયો જોઈ શકાય છે.

ભારતનું ચંદ્રયાન-૩ ચંદ્રના દક્ષિણ ધ્રુવની નજીક લેન્ડ થયું છે. સફળ ચંદ્ર મિશનએ ભારતને ચંદ્રની સપાટી પર સોફ્ટ-લેન્ડ કરવા માટે યુએસ, ચીન અને અગાઉના સોવિયેત યુનિયન પછી ચોથો દેશ બનાવ્યો છે. આ સાથે જ ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવ નજીક સોફ્ટ લેન્ડિંગ કરનાર પહેલો દેશ બન્યો છે. હવે લેન્ડર વિક્રમે પાવર ડિસેન્ટ દરમિયાન ચંદ્રની સપાટીની ઘણી તસવીરો કેપ્ચર કરી છે. આ તસવીરોમાં લેન્ડિંગ સ્થળનો એક ભાગ અને લેન્ડરનો મેટલ લેગ અને તેનો પડછાયો જોઈ શકાય છે. વિક્રમ લેન્ડરના ચંદ્ર પર લેન્ડ થયા બાદ ઈસરોએ પ્રથમ તસવીર જાહેર કરી છે. ઈમેજ લેન્ડિંગ કેમેરાએ આ તસવીર લીધી હતી અને તેને ઈસરોદ્વારા રિલીઝ કરવામાં આવી હતી. વિક્રમે મોકલેલી પહેલી તસવીર તમારી સામે સ્ક્રીન પર છે. તેને ચંદ્ર પર લેન્ડિંગ કરતી વખતે વિક્રમ લેન્ડર દ્વારા લેવામાં આવી હતી. આમાં ચંદ્રની તે ખરબચડી સપાટી દેખાય છે. જેના પર વિક્રમ લેન્ડર સફળતાપૂર્વક લેન્ડ થયું હતું. રોવર પ્રજ્ઞાન સફળ લેન્ડિંગના થોડા કલાકો બાદ લેન્ડરમાંથી બહાર નીકળી ગયું હતું.

પ્રજ્ઞાન રોવર વિક્રમ લેન્ડરથી જ બહાર આવ્યું છે, જે આગામી ૧૪ દિવસ સુધી ચંદ્ર પર ચાલશે. આ રોવર ચંદ્રની સપાટીનું વૈજ્ઞાનિક વિશ્લેષણ કરશે. આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લાઈવ પ્રસારણમાં મિશનની સફળતાને વિજય ગણાવ્યો હતો. પીએમ મોદીએ કહ્યું હતું કે ભારતનું સફળ ચંદ્ર મિશન માત્ર ભારતનું નથી, પરંતુ આ સફળતા સમગ્ર માનવતાનું છે. લેન્ડર વિક્રમ ગયા અઠવાડિયે તેના મોડ્યુલથી અલગ થઈ ગયું હતું અને ૫ ઓગસ્ટે ચંદ્રની ભ્રમણકક્ષામાં પ્રવેશ્યા બાદથી ચંદ્રની સપાટીની તસવીરો મોકલી રહ્યું છે. હવે જ્યારે વિક્રમ લેન્ડ થઈ ગયું છે, ત્યારે સૌર-સંચાલિત રોવર પ્રજ્ઞાન સપાટીનું અન્વેષણ કરશે અને ચંદ્ર પરનો ડેટા એકત્રિત કરશે.

ભારત તેના ઘણા મિશન ખૂબ ઓછા ખર્ચે ચલાવીને યુએસ અને રશિયા જેવી વૈશ્વિક અવકાશ શક્તિઓ દ્વારા નિર્ધારિત લક્ષ્યોને પાર કરી રહ્યું છે. ઈસરોસાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યું કે રોવર પ્રજ્ઞાન લેન્ડર વિક્રમમાંથી બહાર આવ્યું છે અને તે હવે ચંદ્રની સપાટી પર ફરશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઈસરોની ટીમને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે એક્સ (ટ્વિટર) પરની તેમની પોસ્ટમાં કહ્યું હું ફરી એકવાર ઈસરોની ટીમ અને દેશવાસીઓને અભિનંદન આપું છું. વિક્રમના લેન્ડિંગના થોડા કલાકો બાદ તેનું બહાર આવવું એ ચંદ્રયાન ૩ ના બીજા તબક્કાની સફળતા દર્શાવે છે.

### ૬૯માં નેશનલ ફિલ્મ એવોર્ડની જાહેરાત થઈ

# છેલ્લા શોને બેસ્ટ ગુજરાતી ફિલ્મનો નેશનલ એવોર્ડ

## સરદાર ઉધમસિંહ શ્રેષ્ઠ હિન્દી ફિલ્મ, બેસ્ટ અભિનેતા અલ્લુ અર્જુન, અભિનેત્રી આલિયા ભટ્ટ અને ક્રિતી સેનનને એવોર્ડ

નવી દિલ્હી, તા.૨૪

આજે એટલે કે ગુરુવારે ૬૯માં 'નેશનલ ફિલ્મ એવોર્ડ'ની જાહેરાત થઈ રહી છે. માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુર વિજેતાઓની જાહેરાત કરી રહ્યા છે. સરદાર ઉધમ સિંહે શ્રેષ્ઠ હિન્દી ફિલ્મનો એવોર્ડ જીત્યો હતો, જ્યારે 'ચાર્લી ૭૭૭'ને શ્રેષ્ઠ કન્નડ ફિલ્મનો એવોર્ડ મળ્યો છે.

વિકી કૌશલની ફિલ્મ સરદાર ઉધમ સિંહને સર્વશ્રેષ્ઠ હિન્દી ફિલ્મનો રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો છે. અભિનેતા રામ ચરણ, અલ્લુ અર્જુન અને જુનિયર એનટીઆરના નામ પણ ટ્રેન્ડમાં છે.

ચાહકો તેમના પ્રિય અભિનેતાને સમર્થન આપી રહ્યા છે.

બેસ્ટ અભિનેતાઃ અલ્લુ અર્જુન (પુષ્પા ધ રાઈઝિંગ)
બેસ્ટ અભિનેત્રીઃ આલિયા ભટ્ટ (ગંગુબાઈ કાઠિયાવાડી) અને ક્રિતી સેનન (મિમી)
બેસ્ટ સપોર્ટિંગ એક્ટરઃ પંકજ ત્રિપાઠી (મિમી)
બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસઃ પલ્લવી જોશી (ધ કાશ્મીર ફાઈલ્સ)
બેસ્ટ ફીચર ફિલ્મઃ 'રોકેટ્રી - ધ નામ્બી ઈફેક્ટ'
બેસ્ટ ડિરેક્ટર : નિખિલ મહાજન (ગોદાવરી ધ હોલી વોટર)
બેસ્ટ સિનેમેટોગ્રાફીઃ 'સરદાર ઉધમ'
બેસ્ટ હિન્દી ફિલ્મ - 'સરદાર ઉધમ સિંહ'
બેસ્ટ ચિલ્ડ્રન મૂવીઃ 'ગાંધી એન્ડ કંપની'
બેસ્ટ બાળ કલાકારઃ ભાવીન રબારી (છેલ્લો શો)
બેસ્ટ ગુજરાતી ફિલ્મ - 'છેલ્લો શો'
બેસ્ટ મરાઠી ફિલ્મ - 'એકદા કાયજાલાબેસ્ટ'
બેસ્ટ મલયાલમ ફિલ્મ - 'હોમ'
બેસ્ટ તેલુગુ ફિલ્મ - 'ઓપન્ના'
બેસ્ટ સંગીત નિર્દેશક - એમ.એમ કિરવાણી (ઈઈઈ) દેવી શ્રી પ્રસાદ (પુષ્પા)
બેસ્ટ લિરિક્સ : ચંદ્ર બોઝ (કોંડા પોલમ)
બેસ્ટ એડિટિંગ - સંજય લીલા ભણસાલી ( ગંગુબાઈ કાઠિયાવાડી)
બેસ્ટ ફિમેલ પ્લેબેક સિંગર - શ્રેયા ઘોષાલ
બેસ્ટ મેલ પ્લેબેક સિંગરઃ કાલા ભૈરવ (RRR)
બેસ્ટ કોરિયોગ્રાફીઃ પ્રેમ રક્ષિષ્ઠ (ઈઈઈ)
સ્પેશિયલ જ્યુરી એવોર્ડઃ વિષ્ણુ વર્ધન (શેરશાહ)
બેસ્ટ સ્પેશિયલ ઈફેક્ટ : વી. શ્રીનિવાસ મોહન (RRR)

હંમેશાની જેમ, શ્રેષ્ઠ ફિલ્મ, શ્રેષ્ઠ અભિનેતા, શ્રેષ્ઠ અભિનેત્રી સહિત ઘણી શ્રેણીઓમાં એવોર્ડ આપવામાં આવી રહ્યા હતા. આ વખતે બોલિવૂડ કરતાં સાઉથની ફિલ્મોનો વ્યાપ વધુ જોવા મળી રહ્યો છે.ડિસેમ્બર ૨૦૨૧માં રિલીઝ થયેલી ફિલ્મ 'પુષ્પા ધ રાઈઝિંગ' બોક્સ ઓફિસ પર વિશ્વભરમાં ૩૩૨ કરોડની કમાણી કરી હતી. આ ફિલ્મમાં પુષ્પા નામના મજૂરનું જીવન બતાવવામાં આવ્યું છે.

ફિલ્મની સ્ટોરી લાઈન ઉપરાંત અલ્લુ અર્જુનની વ્યક્તિત્વ, પાત્ર અને ફિલ્મના ગીતોને પણ ખૂબ પસંદ કરવામાં આવ્યા હતા. નેશનલ ફિલ્મ એવોર્ડ દેશનો સૌથી પ્રતિષ્ઠિત ફિલ્મ પુરસ્કાર છે. તેની શરૂઆત ૧૯૫૪માં થઈ હતી.

મરાઠી ફિલ્મ 'શ્યામચી આઈ'ને બેસ્ટ ફિલ્મ કેટેગરીમાં પ્રથમ નેશનલ એવોર્ડ મળ્યો હતો. આ સમારોહનું આયોજન કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું છે.

આ પછી રાષ્ટ્રપતિ આ પુરસ્કારોનું વિતરણ કરે છે. અલ્લુ અર્જુનને નેશનલ ફિલ્મ એવોર્ડ્સમાં ફિલ્મ 'પુષ્પા' માટે બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો હતો.

ઘરે, ફિલ્મના નિર્દેશક સુકુમાર, તેમના પરિવાર, અભિનેતા અને તેમની ટીમ સાથે, એવોર્ડ ફંક્શનની જાહેરાત જોઈ રહ્યા હતા. અલ્લુ અર્જુન અને સુકુમારનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં બંને ખુશીથી ગળે મળીને ડાન્સ કરતા જોવા મળે છે. આ દરમિયાન સુકુમાર થોડા ભાવુક પણ થઈ ગયા. તેની પત્ની પણ અલ્લુ અર્જુન માટે ભાવુક જોવા મળી હતી. અભિનેતા અને ફિલ્મની સમગ્ર કાસ્ટ માટે આ શ્રેષ્ઠ ક્ષણ હતી.

### મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલી કેબિનેટ બેઠકમાં નિર્ણય

# ડિપ્લોમા ટૂ ડીગ્રી માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ લેવામાં આવશે

ગાંધીનગર, તા.૨૪

રાજ્યમાં હવેથી ડિપ્લોમાં ટુ ડિગ્રી(ડીટૂડી)માં પ્રવેશ મેળવવા માટે કોમન એન્ટ્રેસ ટેસ્ટ લેવાનું રાજ્ય સરકારે કર્યું છે. ગાંધીનગર ખાતે ગઈકાલે મુખ્યમંત્રીની અધ્યક્ષ સ્થાને યોજાયેલી કેબિનેટ બેઠકમાં આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ અંગેની જાહેરાત રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ દ્વારા કરવામાં આવી હતી.મંત્રી ઋષિકેશ પટેલ જણાવ્યું હતું કે રાજ્યમાં ડિપ્લોમા ટુ ડિગ્રી (ડીટૂડી)માં પ્રવેશ મેળવવા માટે કોમન એન્ટ્રસ ટેસ્ટ લેવાનું નક્કી કરાયું છે. વધુમાં જણવાતા કહ્યું હતું કે પ્રવેશ સમિતિ માટે બેઠકોની ફાળવણી અને વિવિધ બોર્ડનું મેરિટ લિસ્ટ તૈયાર કરવામાં જટીલતા રહેતી હતી. આ તમામ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં એકસૂત્રતા લઈને એક મેરિટમાં લાવવું શક્ય ન હતું. આ વિસંગતતા, અસ્પષ્ટતા, અસંતોષ ટાળવા માટે અને તમામ અરજદાર વિદ્યાર્થીઓને એકસમાન મંચ પર લાવીને ડિપ્લોમા બાદ ડિગ્રીના બીજા વર્ષમાં લેટરલ એન્ટ્રી એડમિશન માટે કોમન એન્ટ્રસ ટેસ્ટ પ્રવેશ પરીક્ષા પ્રવેશ વર્ષ ૨૦૨૪થી લેવાનું રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. આ પરીક્ષાની પ્રવેશ વર્ષ ૨૦૨૪ માટેની જાહેરાત અને રજિસ્ટ્રેશન ફેબ્રુઆરી ૨૦૨૪થી કરવામાં આવશે તેમ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યુ હતું.

# બગસરા ખાતે તાલુકા કક્ષાની કબડ્ડી સ્પર્ધા યોજાઈ




બગસરામાં મેઘાણી હાઈસ્કૂલ ખાતે તાલુકા કક્ષાની કબડ્ડી સ્પર્ધાનું આયોજન કરાયું હતું. તાલુકાની ૯ શાળાની ૧૪ જેટલી ભાઈઓ અને બહેનોની ટીમ વચ્ચે તંદુરસ્ત સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. તાલુકા કક્ષાની આ કબડ્ડી સ્પર્ધામાં બાળકોને પ્રોત્સાહિત કરવા મેઘાણી હાઈસ્કૂલનાં આચાર્ય વી. કે. જેઠવા, તાલુકા કન્વીનર મનોજભાઈ મહીડા, સુપરવાઈઝર પી.આર. રામાણી, એ.એલ. સોલંકી, તેમજ શહેરની શાળાઓમાંથી આચાર્ય કિશોરભાઈ રંગાડીયા, દિવ્યેશભાઈ દુધરેજીયા, દર્શન ઠાકર, યતીનભાઈ નકુમ, અશોકભાઈ કરગઠિયા, કોચ યશપાલસિંહ, કૌશિક નસીત ભાવેશ સતાસિયા, રાજુભાઈ ભુવાએ હાજર રહી સ્પર્ધામાં બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.

પાના ૧ ઉપરનું ચાલું **બગસરા, કુંકાવાવ પંથકમાં ચોરીની**

ગયેલ હોય. આ દરમિયાન ગત તા. ૧૨/૮ની રાત્રીના મકાનના ડેલાનો તથા દરવાજાનો લોક તોડી ઘરમાં પ્રવેશ કરી, ઘરના કબાટમાં રાખેલ રોકડા રૂા. ૬૪,૫૦૦ તથા સોના–ચાંદીના દાગીના રૂપિયા ૧,૩૫,૪૦૦૮ મળી કુલ રૂપિયા ૧,૯૯,૯૦૦ ની મત્તાની ચોરી કરી લઈ ગયેલ હોય તેમજ હાર્દિકભાઈ મનુભાઈ સૈજાણીના બંધ મકાનના તાળા તોડી રોકડા રકમ તથા દાગીનાની ચોરી કરી લઈ ગયેલ હોય તેમજ હિરાલાલ પાનસુરીયાના રહેણાંક મકાનમાંથી ચોરી થયેલ હોય. આમ એક જ રાત્રીના ત્રણ મકાનના ઘરફોડ ચોરી કરેલ હોય. જે અંગે અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

બગસરા તાલુકાના જુના વાઘણીયા ગામે રહેતા ઘનશ્યામભાઈ રાણાભાઈ બાલધા ગત તા. ૧૩/૮ ના રાત્રીના પોતાના રહેણાંક મકાનને તાળા મારી, પોતાના પરિવાર સાથે બહાર ગામ ગયેલ હોય, તે દરમિયાન ગત તા. ૧૪/૮ની રાત્રીના તેમનાં રહેણાંક મકાનના ડેલાનું કોઈ અજાણ્યા ઈસમોએ તાળુ તોડી, મકાનમાં પ્રવેશ કરી, ઘરના રૂમના કબાટમાં રાખેલ રોકડા રૂા. ૭૦,૦૦૦ તથા સોના–ચાંદીના દાગીના રૂપિયા ૨,૬૫,૫૦૦ મળી કુલ રૂપિયા ૩,૩૫,૫૦૦ ની ચોરી કરી લઈ જઈ ગુનો કરેલ હોય. જે અંગે અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ ફરિયાદ બગસરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ હતી.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુનાના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પો.ઈન્સ. એ.એમ. પટેલે જિલ્લામાં બનવા પામેલ ઘરફોડ ચોરીના બનાવ બનતા અટકાવવા ખાસ એકસન પ્લાન બનાવી, ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવેલ હતી. અને બનાવવાળી જગ્યાની આજુબાજુના તેમજ એન્ટ્રી એક્ઝિટ પોઈન્ટ ઉપરના તમામના સી.સી.ટી.વી. કુટેજો ચેક કરવામાં આવેલ અને સી.સી.ટી.વી. માં દેખાય આવેલ શકમંદ ઈસમોની શોધખોળ શરૂ કરવામાં આવી હતી.

જે અન્વયે ગત તા. ૨૩/૮નાં રોજ અમરેલી એલ.સી.બી. ટીમ અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન આંકડીયા ગામે કુંકાવાવ રોડ ઉપરથી મોટર સાયકલ ઉપર હાલ મોટી કુંકાવાવ ગામે રહેતા ગોવિંદર્સીગ નાનકર્સીગ બાવરી (સીકલીગર), રહે. મુળ વડોદરાવાળા તથા હાલ મોટી કુંકાવાવ ગામે રહેતા ગુરૂમુખર્સીગ કિશોરર્સીગ ટાંક (સીકલીગર) રહે. મુળ વડોદરા તેમજ ગોંડલ તાલુકાના જામવાડી ગામે રહેતા સુરેન્દ્રર્સીગ સંતોકર્સીગ ડાંગી (સીકલીગર) નામના ત્રણ ઈસમોને શંકાસ્પદ હાલતમાં ચોરીના સાધનો સાથે નીકળતા તેમની પુછપરછ કરતાં અને સંતોષકારક જવાબ નહીં આપતા શંકાના આધારે મજકુર ઈસમોની સઘન પુછપરછ કરતા તે ઈસમોએ બગસરા, મોટા આંકડીયા, વાઘણીયા તેમજ ગોંડલની ચોરીઓની કબુલાત આપતા, ચોરીમાં ઉપયોગ કરેલ મોટર સાયકલ, સાધનો તેમજ ચોરીમાં ગયેલ રોકડ રકમ, સોના–ચાંદીના દાગીના સહિતનો મુદ્દામાલ રીકવર કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

પકડાયેલ ઈસમોની સઘન પુછપરછ કરતાં, ત્રણેય આરોપીઓએ બગસરામાં એક સોસાયટીના બંધ મકાનના તાળા તોડી સોના–ચાંદીના દાગીના તથા રોકડ રકમની ચોરી કરેલ હતી. મોટા આંકડીયા ગામે ત્રણ બંધ મકાનોના તાળા તોડી સોના–ચાંદીના દાગીના તથા રોકડા રકમની ચોરી કરેલ તેમજ વાઘણીયા ગામે ત્રણ બંધ મકાનો તથા એક તબેલાના તાળા તોડી સોના–ચાંદીના દાગીના તથા રોકડ રકમની ચોરી કરેલ હતી.

આ ઉપરાંત ગત તા. ૧૦/૮ની રાત્રીના ગોંડલ માર્કેટીગ યાર્ડની સામે આવેલ ખોડીયારનગર સોસાયટીમાં ચોરી કરવા ગયેલ. ત્યાંથી એક મોટર સાયકલની ચોરી કરેલ અને એક બંધ મકાનનું તાળુ તોડી ચોરી કરવા જતા આજુબાજુમાંથી માણસો આવી જતા અને દેકારો થતા ભાગી ગયેલ અને આ વિસ્તારમાંથી બીજી એક મોટર સાયકલની ચોરી કરેલ. બાદમાં ચોરી પૈકીની એક મોટર સાયકલ જેતપુર રોડ ઉપર મુકી જતા રહેલ હતાં તે અંગે ત્રણેય આરોપીએ કબુલાત આપેલ છે.

પકડાયેલ ઈસમો કુંકાવાવ ગામે ભાડાના મકાનમાં રહેતા અને કોન્ટ્રાકટ બેજ ઉપર ભૂંડ પકવાનો વ્યવસાય કરતા હતા તેમજ ફુગા વેચવાનો ધંધો કરતા હોય અને રાત્રી દરમિયાન પોતાની ઓળખ છુપાવવા માથા તથા મોઢા ઉપર બુકાની બાંધી, મોટર સાયકલ લઈ કુંકાવાવથી નિકળી આજુબાજુમાં ગામડાઓમાં આંટા ફેરા મારતા અને જે બંધ મકાન હોય તેને ટાર્ગેટ કરી, ઘરફોડ ચોરીને અંજામ આપતા હતા. મજકુર આરોપીઓ રાત્રી દરમિયાન ઘરફોડ ચોરી કરવા માટે ચોરીના સાધનો સાથે નિકળેલ હોય, મજકુર આરોપીઓ ચોરીને અંજામ આપે તે પહેલા જ આરોપીઓને એલ.સી.બી. ટીમે પકડી પાડી, ઘરફોડ ચોરીમાં ઉપયોગ કરેલ મોટર સાયકલ તથા ચોરીમાં ગયેલ મુદ્દામાલ રીકવર કરેલ છે. ઝડપાયેલા આરોપીઓએ બગસરા ટાઉનમાં ત્રણ મકાનો, બગસરા તાલુકાના વાઘણીયા ગામે ત્રણ મકાનો તથા એક તબેલામાં તથા અમરેલી તાલુકાના આંકડીયા ગામે ત્રણ મકાનો તેમજ ગોંડલમાં એક મકાન તથા બે મોટર સાયકલો મળી ૧૧ મકાનો તથા ૨ મોટર સાયકલ મળી કુલ–૧૩ ચોરી ઘરફોડ ચોરીઓના ગુનાઓની કબુલાત આપેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૩૫ | ૧૪૬૧ |
| ૨ | મગફળી | ૧૧૬૫ | ૧૧૬૫ |
| ૩ | ઘઉં | ૪૨૯ | ૫૧૬ |
| ૪ | ચણા | ૮૬૫ | ૧૦૫૩ |
| ૫ | તુવેર | ૧૩૪૦ | ૧૮૩૫ |
| ૬ | અડદ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૭ | વાલ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૮ | વટાણા | ૫૧૦ | ૧૪૦૦ |
| ૯ | તલ | ૨૮૧૦ | ૩૧૮૦ |
| ૧૦ | બાજરો | ૩૦૬ | ૩૦૬ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૩૫૦ | ૧૪૩૧ |
| ૨ | શિંગ મઠડી નવી | ૮૭૦ | ૮૭૫ |
| ૩ | શિંગ મોટી | ૧૦૨૬ | ૧૬૫૮ |
| ૪ | શિંગ મોટી નવી | ૮૭૦ | ૮૭૦ |
| ૫ | શિંગદાણા | ૧૪૦૦ | ૧૮૩૦ |
| ૬ | શિંગદાણા ફાડા | ૧૩૫૦ | ૧૮૦૦ |
| ૭ | તલ સફેદ | ૨૪૦૧ | ૩૩૪૫ |
| ૮ | તલ કાળા | ૨૭૮૫ | ૩૧૦૦ |
| ૯ | તલ કાશ્મીરી | ૩૪૭૧ | ૩૫૦૫ |
| ૧૦ | બાજરો | ૩૨૬ | ૩૩૩ |
| ૧૧ | જુવાર | ૬૨૦ | ૧૦૩૨ |
| ૧૨ | ઘંઉ ટુકડા | ૪૭૧ | ૫૨૮ |
| ૧૩ | ઘઉં લોકવન | ૪૯૨ | ૫૨૮ |
| ૧૪ | મકાઈ | ૪૫૦ | ૪૫૦ |
| ૧૫ | મગ | ૧૫૨૬ | ૧૫૫૧ |
| ૧૬ | અડદ | ૮૦૦ | ૧૬૯૧ |
| ૧૭ | ચણા | ૭૦૦ | ૧૦૯૨ |
| ૧૮ | ચણા દેશી | ૯૮૭ | ૯૮૭ |
| ૧૯ | તુવેર | ૭૩૩ | ૨૨૦૦ |
| ૨૦ | કપાસ | ૧૦૧૦ | ૧૫૮૯ |
| ૨૧ | નવો કપાસ | ૧૧૪૦ | ૧૫૪૦ |
| ૨૨ | ધાણા | ૧૦૪૦ | ૧૩૦૧ |
| ૨૩ | અજમા | ૨૨૦૦ | ૩૪૦૦ |
| ૨૪ | સોયાબીન | ૮૦૦ | ૯૨૧ |

# અમરેલી–છોટા ઉદેપુર વાયા દામનગર એક્સપ્રેસ બસ શરૂ



અમરેલી, તા. ૨૪

અમરેલી એસ.ટી. ડીવિજનનાં અધિકારીઓ દ્વારા મુસાફરોની માંગને લઈને અમરેલી વિભાગ દ્વારા અમરેલી–છોટા ઉદેપુર વાયા–લાઠી, દામનગર, ઢસા, ગઢડા (સ્વામીના) બોટાદ, સાળંગપુર, તારાપુર એકસપ્રેસ બસ શરૂ કરવામાં આવતા ખુશીની લાગણી છવાઈ ગાઈ છે.। અમરેલીથી સાંજનાં ૫ કલાકે ઉપડી દામનગરમાં ૬ કલાક આવી ઢસા થઈને છોટા ઉદેપુર જતી આ બસનો લાભ લેવા એસ.ટી.નાં અધિકારીએ જણાવેલ છે.અમરેલી–લાઠી અને દામનગર પંથકમાં છોટા ઉદેપુર તાલુકાનાં લોકો ખેત મજુરી અને કામ ધંધા માટે વસવાટ કરે છે. તેઓને તેમજ આ વિસ્તારનાં લોકોને સામાજીક અને ધંધાને લગતા કામો માટે વડોદરા અને છોટાઉદેપુર આવવા–જવા માટે આ બસ ખુબ જ ઉપયોગી નીવડશે.

# જિલ્લા કલેક્ટર અજય દહિયાનાં અધ્યક્ષસ્થાને જિલ્લા સંચારી રોગ સર્વેક્ષણ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ

અમરેલી તા. ૨૪

અમરેલી જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને જિલ્લા સંચારી રોગ સર્વેક્ષણ અને સંકલન સમિતીની સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં સંચારી રોગ અંગેની હાલની પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી.ઝુનેટિક ડિસીઝ, વોટર બોર્ન અને વેકટર બોર્ન ડિસીઝ સામે તકેદારીના પગલા, કોવિડ–૧૯ અંગે ચર્ચા કરવામાં આવી હતી. અમરેલી જિલ્લામાં હાલની પરિસ્થિતિમાં સંચારી રોગને લઈને કોઈ રોગચાળો ફેલાયો નથી. આ વર્ષમાં ફ્લુના એકપણ કેસ નોંધાયા નથી. હાલ જિલ્લામાં તમામ કક્ષાએ સ્ક્રિનિંગ સહિતની કામગીરી શરૂ છે. જુલાઈ – ૨૦૨૩માં ક્લોરિન ટેસ્ટ માટે પાણીના ૩,૧૬૨ નમૂનાઓ લેવામાં આવ્યા હતા જેમાંથી ૩,૦૧૬ નમૂનાઓ પોઝિટિવ છે. વર્ષ – ૨૦૨૩માં ઝુનેટિક ડિસીઝ એવા ક્રિમિયન કોંગો હેમરેજીક ફિવરના કુલ ૨ કેસ નોંધાયા હતા, જેનો કોઈ કોન્ટેકટ પોઝિટીવ આવ્યો નથી. જુલાઈ–૨૦૨૩માં ૧,૫૧૪ એનિમલ બાઈટના કેસ નોંધાયા છે પરંતુ હડકવાનો એક પણ કેસ નોંધાયો નથી. ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે પી,વી., પી.એફ., ચીકનગુનીયા કેસોમાં ઘટાડો જોવા મળ્યો છે તોડેંગ્યુ કેસમાં વધારો જોવા મળ્યો છે. હાલ ફોગિંગ સહિતની કામગીરી પણ કરવામાં આવી રહી છે. કોવિડ – ૧૯ લગત તમામ પ્રકારનું રાજયકક્ષાએ રીપોર્ટિંગ કરવામાં આવે છે. જિલ્લા કલેકટર દહિયાએ નગરપાલિકા વિસ્તારમાં ક્લોરિનેશનની કામગીરી નિયમિત ચાલુ રાખવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી જોષી, તાલુકા આરોગ્ય અધિકારીઓ, નગરપાલિકા ચીફ ઓફિસરઓ સહિત ઉપસ્થિત રહ્યા હતા.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ નવી | ૮૫૧ | ૧૦૪૧ |
| ૨ | શીંગ જીણી | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૩ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૪૫૧ |
| ૪ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૩૫૦ |
| ૫ | તલ કાળા | ૨૯૦૦ | ૩૨૫૦ |
| ૬ | કપાસ | ૧૨૬૦ | ૧૫૬૬ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૩૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૦ | ૫૬૧ |
| ૯ | બાજરો | ૩૭૦ | ૪૩૧ |
| ૧૦ | મગ | ૧૩૫૧ | ૧૮૭૧ |
| ૧૧ | ચણા | ૯૫૦ | ૧૧૧૫ |
| ૧૨ | ચણા દેશી | ૧૦૫૦ | ૧૩૩૦ |
| ૧૩ | એરંડી | ૧૦૫૦ | ૧૧૫૧ |
| ૧૪ | રાય/રાયડો | ૮૫૨ | – |
| ૧૫ | સોયાબીન | ૯૦૦ | ૯૦૮ |

### ડીસ્ટ્રીક્ટ ચેમ્બરનાં મહામંત્રીનાં આમંત્રણને માન આપીને

# સા.કુંડલા ખાતે શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજનાં પ્રાગટય મહોત્સવમાં ઉચ્ચ અધિકારીઓ જોડાયા

### મામલતદાર, પીઆઈ સહિતનાં અધિકારીઓએ ધન્યતા અનુભવી

સાવરકુંડલા, તા. ૨૪

સાવરકુંડલામાં શ્રી મહાપ્રભુજી ની બેઠકજી ખાતે ૧૦૮ શ્રી વિઠલેશરાયજી મહારાજ શ્રીનો ૧૦૬ મો પ્રાગટય દિન ઉત્સવમાં અમરેલી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સનાં મહામંત્રી રાજુભાઈ શીંગાળાના આમંત્રણને માન આપીને ઉપસ્થિત સાવરકુંડલાનાં મામલતદાર પ્રદિપસિંહ ગોહિલ, સાવરકુંડલા ટાઉનનાં પી.આઈ. સોની તથા સમગ્ર સ્ટાફ અને નાયબ મામલતદાર એન.ડી. જોશી, રજનીભાઈ મહેતા નાયબ મામલતદાર અને ડી.કે. ભીમાણી નાયબ મામલતદાર સહિતને સાવરકુંડલા મહાપ્રભુજીની બેઠકજીનાં મુખ્યાજી દ્વારા તમામને ઉપરણા પહેરાવીને સમગ્ર ટ્રસ્ટીગણની ઉપસ્થિતિમાં સન્માનિત કરવામાં આવ્યાં હતાં અને સંસ્થાનાં ટ્રસ્ટી મંડળનાં વિજયભાઈ વસાણીએ સાવરકુંડલાની મહાપ્રભુજીની બેઠકજી વિશે માહિતગાર કરાયા હતા અને મોટી સંખ્યામાં વૈષ્ણવોએ મહાપ્રસાદનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી.





## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૮૦ | ૧૫૯૫ |
| ૨ | ઘઉં | ૪૩૦ | ૫૨૦ |
| ૩ | ચણા | ૮૭૫ | ૧૦૫૫ |


## પબ્લીક નોટિસ

આથી આ જાહેર નોટીસ આપી જાણ કરવાની કે અમરેલી જિલ્લાનાં બાબરા તાલુકાનાં મોજે ઈસાપર ગામનાં ખેડ ખાતા નં.૧૬૧, રે.સ.નં.૮૨ પૈકી–૪, હે.આ.ચો.મી.૧–૪૯–૭૩ ખેતીની જમીન **પરવાડીયા ચંદ્રીકાબેન અરવિંદભાઈ** પાસેથી અમારા અસીલ **શ્રી રણછોડભાઈ ભિખાભાઈ વઘાસીયા** રે. રાજકોટવાળ। સદરહું મિલકત બિનશરતી અઘાટ વેંચાણ થી ખરીદવા માંગે છે.

સબબ સદરહું મિલ્કત સામે કોઈ પણ વાંધા–તકરાર હોય કે આ મિલકતમાં સહકારી / અર્ધસહકારી / સરકારી કે ખાનગી સંસ્થા કે વ્યકિતગત કોઈપણ સ્વરૂપે હકક, હિત, હિસ્સો, ગીરો, બોજો, અગ્રહકક કે બાનાખત, કબ્જો વિ. હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાનાં દિન–૭ માં સંપુર્ણ આધાર પુરાવા સાથે મારા નીચે દર્શાવેલા સરનામે અમોને લેખિત જાણ કરશો. તેમાં કસૂર થયે સહકારી/ અર્ધસહકારી / સરકારી કે ખાનગી સંસ્થા કે વ્યકિતગત કોઈપણ સ્વરૂપે હકક, હિત, હિસ્સો, ગીરો, બોજો, અગ્રહકક કે બાનાખત, કબ્જો વિ. કે કોઈપણ પ્રકારનો વાંધો નથી અને હોય તો તે જતો (વેઈવ) કરેલ હોવાનું ગણી મારા અસીલ અવેજની રકમ ચુકવીને વેચાણ દસ્તાવેજ રજી. કરાવી લેશે. ત્યારબાદ મારા અસલને સુધ્ધ–બુધ્ધીના ખરીદનાર તરીકે કોઈ પણ વાંધો તકરાર બંધન કર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

સરનામું : નાગનાથ કોમ્પ્લેક્ષ, પહેલો માળ, મું.બાબરા, જિ.અમરેલી (ગુજરાત) મો. ૯૬૨૪૩ ૩૦૫૩૦

**કીરીટભાઈ એલ. પરવાડીયા**
(એડવોકટ)


## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૬૬ |
| ૨ | ચણા | ૮૦૦ | ૧૧૦૫ |
| ૩ | લસણ | ૮૦૦ | ૧૫૦૦ |
| ૪ | મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૫ | સોયા | ૬૫૬ | ૮૯૩ |
| ૬ | ઘઉં લોકવન | ૪૫૨ | ૫૦૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૨૦ |
| ૮ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૩૩૦ |
| ૯ | શીંગદાણા | ૧૬૬૦ | ૧૭૮૦ |
| ૧૦ | મગફળી | ૧૦૭૧ | ૧૩૦૦ |
| ૧૧ | ધાણા | ૧૧૩૫ | ૧૩૨૫ |
| ૧૨ | અડદ | ૧૩૮૦ | ૧૩૮૦ |
| ૧૩ | મકાઈ | ૫૮૨ | ૫૮૨ |
| ૧૪ | બાજરો | ૩૫૧ | ૩૫૧ |


**સંકુલ MBA - MCA - ફાર્મસી – B.Ed પ્રવેશ ચાલુ**
**MA - M.Com. - M.Sc.- PG DMLT પ્રવેશ ચાલુ**

* M.Sc. માઈક્રોબાયોલોજી – બાયોટેકનોલોજી – બાયોકેમેસ્ટ્રી – કેમેસ્ટ્રી
* PG - DMLT માં B.Sc. માઈક્રો – BC – ઝુવોલોજી – કેમેસ્ટ્રી ને પ્રવેશ
* MA સાયકોલોજી – MA સોસીયોલોજી – MA ઈંગ્લીશ
* M.Com. ગુજરાતી મિડીયમ & M.Com. ઈંગ્લીશ મિડીયમ

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સ્થાપક:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, ચલાળા રોડ, અમરેલી * ફોન:[illegible] Ad062



## પબ્લીક નોટિસ

આથી આ જાહેર નોટીશ આપી જાણ કરવાની કે અમરેલી જિલ્લાનાં બાબરા તાલુકાનાં મોજે ઈસાપર ગામનાં ખેડ ખાતા નં. ૨૩, રે.સ.નં.૮૧ પૈકી–૧, હે.આ.ચો.મી. ૨–૦૯–૪૩ ખેતીની જમીન **જાદવભાઈ ધનજીભાઈ પરવાડીયા** પાસેથી અમારા અસીલ **શ્રી બાબુભાઈ ભિખાભાઈ વઘાસીયા** રે. રાજકોટવાળા સદરહું મિલકત બિનશરતી અઘાટ વેંચાણથી ખરીદવા માંગે છે.

સબબ સદરહું મિલકત સામે કોઈપણ વાંધો – તકરાર હોય કે આ મિલકતમાં સહકારી / અર્ધ સહકારી / સરકારી કે ખાનગી સંસ્થા કે વ્યકિતગત કોઈપણ સ્વરૂપે હકક, હિત, હિસ્સો, ગીરો, બોજો, અગ્રહકક કે બાનાખત, કબ્જો વિ. હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાનાં દિન–૭ માં સંપુર્ણ આધાર પુરાવા સાથે મારા નીચે દર્શાવેલા સરનામે અમોને લેખિત જાણ કરશો, તેમાં કસૂર થયે સહકારી / અર્ધ સહકારી / સરકારી કે ખાનગી સંસ્થા કે વ્યકિતગત કોઈપણ સ્વરૂપે હકક, હિત, હિસ્સો, ગીરો, બોજો, અગ્રહકક કે બાનાખત, કબ્જો વિ. કે કોઈપણ પ્રકારનો વાંધો નથી અને હોય તો તે જતો (વેઈવ) કરેલ હોવાનું ગણી મારા અસીલ અવેજની રકમ ચુકવીને વેચાણ દસ્તાવેજ રજી. કરાવી લેશે. ત્યારબાદ મારા અસલને સુધ્ધ–બુધ્ધીનાં ખરીદનાર તરીકે કોઈપણ વાંધા તકરાર બંધન કર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

સરનામું : નાગનાથ કોમ્પ્લેક્ષ, પહેલો માળ, મું.બાબરા, જિ.અમરેલી (ગુજરાત) મો. ૯૬૨૪૩ ૩૦૫૩૦

**કીરીટભાઈ એલ. પરવાડીયા**
(એડવોકટ)


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૮૦૦ | ૩૧૩૧ |
| ૨ | તલ કાળા | ૨૭૦૧ | ૨૭૦૧ |
| ૩ | કપાસ | ૧૨૦૦ | ૨૦૦૧ |
| ૪ | બાજરો | ૩૬૫ | ૪૭૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૪૨ |
| ૬ | જુવાર | ૭૦૦ | ૧૦૬૦ |
| ૭ | મેથી | ૯૫૦ | ૯૫૦ |
| ૮ | તુવેર | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૯ | ચણા | ૯૦૨ | ૯૪૧ |
| ૧૦ | સોયાબીન | ૯૧૫ | ૯૧૫ |

# કપિલ

## આપણા ઋષિઓ...





સંપાદક : જર્નાદનભાઈ જે. જોશીપુરા
સૌજન્ય : હીમાબેન યાજ્ઞીક

શાન્તિ નામની પોતાની કન્યાઓ પરણાવી આથી કહી શકીએ કે આ સર્વ મહાન ઋષિઓ કપિલના બનેવી થાય અને આગળ વિચારીએ તો કશ્યપ, અગસ્ત્ય, દત્તાત્રેય, સોમ... વગેરેના કપિલમુનિ મામા થાય. મનુના પુત્ર પ્રિયવ્રત અને ઉત્તાનપાદના તેઓ ભાણેજ થાય, એટલે ઉત્તાનપાદના પુત્ર ધ્રુવ કપિલના મામાના દીકરા થાય.

થોડા સમય પછી કર્દમઋષિએ પોતાના પુત્ર કપિલ પાસે પોતાને તપ કરવાની જવાની ઈચ્છા વ્યકત કરી. જન્મસિધ્ધિ પામેલા કપિલે કહયું : "હું જ્ઞાનોપદેશનો પ્રચાર કરવા જ તમારા ઘરે અવતરેલો છું, તેથી ઘરે રહેશો તોપણ તમને મુકિત સુલત છે, છતાં સંન્યાસ લઈ તપ તપવા જવાનો તમારો આગ્રહ હોય તોપણ મારું સ્મરણ કરતાં-કરતાં તમે જઈ શકો છો." ત્યારબાદ ઉમેરે છે : "હું મારી માતાને સર્વ કર્મોનો નાશ કરનારી આધ્યાત્મિક વિદ્યાનો ઉપદેશ કરીશ, જેથી માતા જન્મ-મરણના ભયમાંથી મુકત થઈ પરમાનંદપદ પ્રાપ્ત કરી શકે."

ભગવાને પોતો અજન્મા હોવા છતાં મનુષ્યને આત્મતત્વનું જ્ઞાન આપવા માટે સાંખ્યશાસ્ત્રના પ્રવર્તક કપિલદેવ તરીકે પોતાની માયાથી જન્મ ધારણ કર્યો હતો.

પિતાએ વનમાં પ્રયાણ કર્યુ અને કપિલદેવ આશ્રમમાં જ રહયા અને ભૌતિક સુખોથી ઉબાઈ ગયેલી માતા દેવહુતિને જ્ઞાનોપદેશ આપ્યો. માતાને સિધ્ધિ પ્રાપ્ત થઈ. આ ઉપદેશ જે સ્થળ આપ્યો તે સ્થળ તે ગુજરાતનું સિધ્ધપુર. અહો આશ્ચર્યમ્! અહીં પુત્ર ગુરૂ છે અને માતા શિષ્યા છે !

કપિલ ભગવાન માતાને મોક્ષ પ્રાપ્ત કરવા માટે હૃદયની અહંકારરૂપ ગાંઠને ભેદનારા સાંખ્યશાસ્ત્ર તથા જ્ઞાનવૈરાગ્યયુકત ભકિતયોગ વડે ભગવાનના ચરણના મુળનો આશ્રય લેવા તેમ જ ભગવાને અર્પણ કરેલા મનને સ્થિર કરવાનું સચૂવે છે.

કપિલદેવે માતા પાસે અનેક જાતના સાધનરૂપ ઉપાયોથી પ્રકૃતિ-પુરુષના વિવેક વડે મોક્ષના રીતિનું નિરૂપણ કર્યુ તથા ધ્યાનથી શોભતા અષ્ટાંગયોગને લીધે સર્વ ઉપાધિથી મુકત એવા સ્વરૂપજ્ઞાનનું વર્ણન કર્યુ.

વળી વૈરાગ્ય માટે અનેક પ્રકારના ભકિતયોગ, કાળનું બળ તથા ઘોર સંસારનું સવિસ્તર વર્ણન કરી શરીર, સ્ત્રી આદિના લાલનમાં આસકત ચિત્તવાળા કામીઓના પાપને કારણે થતી તામસી અધોગતિ પણ દર્શાવી. સાત્વિક ધર્મ વડે ઉર્ધ્વગતિ થાય છે અને તત્વજ્ઞાન રહિત મનુષ્યને ફરી સંસારમાં આવું પડે છે તે સવિસ્તર જણાવ્યું.

પોતાના સોના સરખા સાંખ્યના દાગીનામાં ભકિતનો મણિ જડી કપિલ ભગવાને માતા દેવહૂતિને મણિ-કાંચન-યોગની ભેટ આપી, સાથેસાથે સત્સંગની સુગંધ પણ પ્રસરાવી.

ભગવાન કપિલે પોતાની માતાને જે જ્ઞાન આપ્યું તેનું વર્ણન ભગવાન વ્યાસે 'શ્રીમદ્ ભાગવત'ના ત્રીજા સ્કંધમાં કરેલ છે : "જ્ઞાન મેળવવા માટે એ આવશ્યક છે કે પ્રાણીના મનમાં સંસારના સકળ ભોગો પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન થાય." બસ, કપિલના ઉપદેશનું આ જ મુખ્ય હાર્દ છે. માતાની આજ્ઞા લઈ કપિલદેવ તપ કરવા ઈશાન દિશામાં ચાલી નીકળ્યા. કપિલની વિદાયવેળા માતા દેવહૂતિનું હૃદય વ્યાકુળ બન્યું. આંખમાંથી અશ્રુબિંદુ ખરી પડયાં, જેનું સરોવર બન્યુ અને તેજ બિંદુસરોવર. આજે ભારતવર્ષમાં કુલ પાંચ સરોવર પ્રસિધ્ધ છે : હિમાલયનું માનસરોવર, સિધ્ધપુરનું બિંદુસરોવર, કિષ્કિન્ધાનું પંપાસરોવર, કચ્છનું નારાયણસરોવર અને અજમેરનું પુષ્કરસરોવર.

મતા દેવહૂતિના મહાનું આવરણ દૂર થયું. હૃદયમાં તત્વજ્ઞાનનો સૂરજ ઝળહળી ઉઠયો. આકરી તપશ્ચર્યા કરતા શેષ આયુષ્ય પુરુ કર્યુ. જે સ્થળે દેવહૂતિ મોક્ષ પામ્યા તે સ્થળ સિધ્ધપદ નામે પ્રસિધ્ધ થયું. મૃત્યુલોકમાં ભગવતી દેવહૂતિ જ સર્વપ્રથમ જ્ઞાનના અધિકારિણી બનેલા અને સ્થૂળ સ્વરૂપે જ દિવ્ય બની ગયેલા પોતાના જ પુત્ર કપિલ દ્વારા ઉપદેશાયેલા ભાગવત-જ્ઞાનથી એમને સિધ્ધાવસ્થા પ્રાપ્ત થઈ હતી. દેવહૂતિને ખબર પણ ન રહી કે એમનો દેહ કયારે પડયો અને એ દેહ દ્રવીભૂત બની અન્ય પ્રાણીઓને માટે તીર્થ બની ગયો.

માતા પાસેથી વિદાય થયેલા કપિલે ભારતદેશના ઈશાન ખૂણે આવેલા ગંગાસાગર નજીક તપ કર્યુ. વાંસની બનાવેલી નાનકડી પર્ણકુટિ આજેપણ કપિલઆશ્રમ તરીકે ઓળખાય છે, જયાં પુરાણી જર્જરિત થયેલ કપિલની મૂતિ છે. તેની ડાબી બાજુ ભગીરથ અને જમણી બાજુએ રામાનંદસ્વામીની મૂર્તિઓ જોવા મળે છે.

કપિલમુનિ જયારે ગંગાસાગર પહોંચ્યા ત્યારે સિધ્ધો, ગંધર્વો, મુનિઓ, ચારણો અને અપ્સરાઓ તેમના સ્વાગત-સ્તુતિ કરવા લાગ્યા.

સમુદ્રે પોતે તેમનો અર્ધ્યસત્કાર કરી રહેવાનું સ્થાન આપ્યું. સાંખ્યશાસ્ત્રના આચાર્યો વડે સ્તુતિ કરાયેલા ભગવાન કપિલે ત્રિલોકની શાંતિ માટે યોગનો આશ્રય લઈ સમાધિ-અવસ્થા પ્રાપ્ત કરી.

કહેવાય છે કે આજેપણ મહર્ષિ કપિલ સાગરમાં તપસ્યા કરે છે. ભાગવતધર્મના મુખ્ય બાર આચાર્યોમાં કપિલમુનિનું સ્થાન છે. 'શ્રીમદ્ ભાગવત'માં ઉલ્લેખ છે : "યમરાજે પોતાના દૂતોને ભગવદાચાર્યોનું વર્ણન આપતા કહયું : **(ક્રમશઃ)**

# સોમનાથ ટ્રસ્ટનાં પરબ અને ભોજન પાસ વિતરણનું એસ.પી.ને હસ્તે ઉદ્દ્ઘાટન

ઉના, તા.૨૪

પવિત્ર શ્રાવણ માસમાં પ્રથમ જયોતિર્લિંગ દેવાધિદેવ સોમનાથ મહાદેવના દર્શને દેશ વિદેશથી શ્રદ્ધાળુ આવી રહ્યા છે. શ્રદ્ધાળુઓની સુખાકારી માટે સોમનાથ ટ્રસ્ટ દ્વારા તમામ બારીક વ્યવસ્થાઓ પણ સુચારૂં રૂપે ચાલે તેની તકેદારી રાખવામાં આવી છે. સોમનાથ ટ્રસ્ટ દ્વારા સોમનાથ શોપિંગ સેન્ટર અને પથિક આશ્રમની મધ્યમાં આવનાર ભક્તો માટે પાણીનું પરબ તેમજ ટ્રસ્ટના નિઃશુલ્ક ભોજનાલયના પાસ વિતરણ માટે સુવિધા કેન્દ્ર ઉભુ કરવામાં આવ્યું છે.ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા દ્વારા રીબીન કાપીને આ સુવિધા કેન્દ્રનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ અવસરે સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી જે.ડી.પરમારની વિશેષ ઉપસ્થિતિમાં વિધિવત પૂજન સાથે પાણીનું પરબ અને ભોજન પાસ કાઉન્ટર ખુલ્લા મુકવામાં આવ્યા હતા. સોમનાથ ટ્રસ્ટ તરફથી વિજયસિંહ ચાવડા, પોલીસતંત્ર તરફથી ડિવિઝન ડી.વાય.એસ.પી. ખેંગાર, તેમજ સામાજિક અગ્રણી જીતુભાઈ કુહાડા, સોમનાથ ટ્રસ્ટ પરિવાર, પોલીસ અધિકારીઓ સહિત સોમનાથ આવનારા ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.





તસ્વીર : ધર્મેશ જેઠવા-ઉના.


### વિદ્યાર્થીઓને વિજ્ઞાનનો કરાવ્યો પરિચય

# બાબરામાં જ્ઞાનજયોત ટયુશન કલાસીસ દ્વારા ચંન્દ્રયાનનું લાઈવ પ્રસારણ

### દેશપ્રેમની ભાવના જાગૃત થાય તેવા પ્રયત્નો થયા

બાબરા, તા. ૨૪

૨૩ ઓગસ્ટ ૨૦૨૩ એટલે ભારત માટે ગૌરવનો દિવસ. આ દિવસે ભારત ચંદ્ર પર પહોંચ્યું. જેની ભારતનાં તમામ દેશવાસીઓને અનહદ ખુશી છે. બાબરામાં પરિણામો તેમજ વિદ્યાર્થીઓનાં સર્વાંગી વિકાસ માટે હંમેશા અગ્રેસર રહેતા 'જ્ઞાનજયોત ટયુશન કલાસીસ' માં આ ક્ષણનું જીવંત પ્રસારણ તમામ વિદ્યાર્થીઓને ડિજિટલ બોર્ડ દ્વારા બતાવવામાં આવ્યું. તેમજ શિક્ષકો દ્વારા જરૂરી માહિતી આપવામાં આવી. જેથી દરેક વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિકશે અને દેશ પ્રેમની ભાવના જાગૃત થાય તેવા પ્રયત્નો કરવામાં આવ્યાં. તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ખૂબ જ ખુશી વ્યકત કરી.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

### ચંદ્રયાન-3ની સફળતા પર રાજસ્થાનનો NRI ખુશ

# રાજસ્થાનનો NRI ઈસરોના વૈજ્ઞાનિકોને ૧ કરોડ આપશે

### હજુ એ સ્પષ્ટ નથી થયું કે એનઆરઆઈમિશન મૂન સાથે જોડાયેલા તમામ વૈજ્ઞાનિકોને એક કરોડનું ઈનામ આપશે

નવી દિલ્હી, તા.૨૪

રાજસ્થાનના બાડમેરના એક એનઆરઆઈ, પૃથ્વીરાજ સિંહ કોલુએ મિશન મૂન પર ભારતીય ચંદ્રયાન-૩ના સફળ લેન્ડિંગ પર ઈસરોના વૈજ્ઞાનિકોને ૧ કરોડ રૂપિયાની ભેટ આપવાની જાહેરાત કરી છે. ગઈકાલે સાંજે ૬ વાગ્યે ચંદ્રયાન-૩એ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળ લેન્ડિંગ કરીને ઈતિહાસ રચ્યો હતો, જે બાદ દેશભરમાંથી અભિનંદનની વર્ષા થઈ હતી.

ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળ લેન્ડિંગ કરનાર ભારત વિશ્વનો પહેલો દેશ બની ગયો છે. દેશના તમામ લોકો ખુશીથી ઝૂમી રહ્યા છે અને એકબીજાને અભિનંદન આપી રહ્યા છે.

હવે બાડમેર નિવાસી એનઆરઆઈપૃથ્વીરાજ સિંહ કોલુએ ઈસરોના વૈજ્ઞાનિકોને ૧ કરોડ રૂપિયાનું પ્રોત્સાહન આપવાની જાહેરાત કરી છે. ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ભારતીય અવકાશ સંશોધન કેન્દ્રના મહત્વપૂર્ણ મિશન ચંદ્રયાન-૩ના સફળ લેન્ડિંગ પર ભારતીય વૈજ્ઞાનિકોની સફળતાને ધ્યાનમાં રાખીને એનઆરઆઈપૃથ્વીસિંહે આ જાહેરાત કરી છે. જો કે હજુ એ સ્પષ્ટ નથી થયું કે એનઆરઆઈમિશન મૂન સાથે જોડાયેલા તમામ વૈજ્ઞાનિકોને એક કરોડનું ઈનામ આપશે.

ચંદ્રયાન-૩ના સફળ ઉતરાણથી એનઆરઆઈપૃથ્વીસિંહે કહ્યું કે, માત્ર દેશમાં જ નહીં, વિદેશમાં પણ તમામ ભારતીયોને ગર્વ છે. પૃથ્વીરાજ સિંહની કંપની પ્રકાશ પંપ મધ્ય પૂર્વ (અરબ દેશ)માં છે. પૃથ્વીરાજ સિંહ કોલુ અગાઉ પણ કાવાસમાં આવેલા પૂર દરમિયાન બાડમેરના લોકોની મદદ માટે આગળ આવ્યા હતા અને પૂર પીડિતો માટે મદદની જાહેરાત કરી હતી.

### બુર્જ ખલીફા કરતાં પણ હશે વધુ મજબૂત

# વિશ્વનું સૌથી ઊંચું હિંદુ મંદિર, તેની ટોચ પરથી દેખાશે તાજમહેલ

### આ મંદિર ૭૦ એકરમાં ફેલાયેલું છે, જેમાંથી ૧૨ એકરમાં કાર-પાર્કિંગની સુવિધા હશે, અને હેલિપેડ પણ બનાવવામાં આવશે

નવી દિલ્હી, તા.૨૪

જો કે ઉત્તર પ્રદેશમાં આવેલ તાજમહેલ તેને આખી દુનિયામાં પ્રખ્યાત કરી ચુક્યો છે, પરંતુ હવે આ રાજયમાં વિશ્વનું સૌથી ઊંચું મંદિર બનાવવામાં આવી રહ્યું છે.

ભગવાન કૃષ્ણના જન્મસ્થળ મથુરામાં બની રહેલા આ મંદિરનું નામ ચંદ્રોદય વૃંદાવન મંદિર હશે અને તે આગામી દોઢથી બે વર્ષમાં તૈયાર થઈ જવાની આશા છે. આ મંદિરનું નિર્માણ ઈસ્કોન એટલે કે ઈન્ટરનેશનલ સોસાયટી ફોર કૃષ્ણ કોન્શિયસનેસ દ્વારા કરવામાં આવી રહ્યું છે. તેનો શિલાન્યાસ ૧૬ નવેમ્બર ૨૦૧૪ના રોજ તત્કાલિન રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ કર્યો હતો. મંદિરમાં લગભગ ૧૬૬ માળ હશે, જે દુનિયાના કોઈ મંદિરમાં નથી. કહેવામાં આવી રહ્યું છે કે મંદિરની આસપાસ ૧૨ કૃત્રિમ જંગલો બનાવવામાં આવશે. તેઓ શ્રીમદ ભાગવત અને અન્ય શાસ્ત્રોમાં વર્ણવેલ ૧૨ વન (દ્વાદશકાનન) અનુસાર બનાવવામાં આવશે. તેમાં સુંદર બગીચા અને સેંકડો જંગલો હશે. આ મંદિર ૭૦ એકરમાં ફેલાયેલું છે, જેમાંથી ૧૨ એકરમાં કાર-પાર્કિંગની સુવિધા હશે, અને હેલિપેડ પણ બનાવવામાં આવશે. આ ઉપરાંત ક્રિષ્ના થીમ પાર્ક પણ હશે અને લાઈટ એન્ડ સાઉન્ડ શો પણ કરવામાં આવશે. આ મંદિર પરંપરાગત નાગારા સ્થાપત્ય અને આધુનિક સ્થાપત્યને જોડીને બનાવવામાં આવ્યું છે. અંદાજ મુજબ મંદિરના નિર્માણમાં કુલ ૭૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે, જયારે તેના નિર્માણમાં ભારત અને વિદેશની કુલ ૨૫ કંપનીઓ સામેલ થશે. મંદિરના કુલ ૫૧૧ બ્લોક હશે, જેમાંથી નિર્માણ કાર્ય પૂર્ણ થઈ ગયું છે. ચંદ્રોદય મંદિર વિશ્વનું સૌથી ઊંચું મંદિર હશે. આ મંદિરની ઉંચાઈ લગભગ ૨૧૦ મીટર હશે. જ્યારે સમગ્ર બિલ્ડિંગની ઊંચાઈ ૮૨૮ મીટર હશે. મંદિરથી તાજમહેલનું અંતર લગભગ ૮૦ કિલોમીટર હશે અને તાજમહેલ તેના ઉપરથી ટેલિસ્કોપ દ્વારા સીધો જોઈ શકાશે. મંદિરનો પાયો ૫૫ મીટર છે, જે દુબઈમાં વિશ્વની સૌથી ઉંચી ઈમારત બુર્જ ખલીફાના પાયા કરતા ઉંચો છે. એક અંદાજ મુજબ મંદિરની ઉંચાઈ કુતુબમિનાર કરતા ત્રણ ગણી વધારે છે અને અહીં એક સાથે ૧૦,૦૦૦ ભક્તો એકઠા થઈ શકે છે.

### ભારતના કુસ્તી પ્રેમીઓ માટે એક ખરાબ સમાચાર

# UWW એ ડબલ્યુએફઆઈનું સભ્યપદ સસ્પેન્ડ કરી દીધું

### બ્રિજભૂષણ સામેના જાતીય શોષણના આરોપોને લીધે વિવાદના પરિણામ ખેલાડીઓએ ભોગવવાના આવી શકે

નવી દિલ્હી, તા.૨૪

ભારતના કુસ્તી પ્રેમીઓ માટે એક ખરાબ સમાચાર છે. યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (ડબલ્યુએફઆઈ)નું સભ્યપદ સસ્પેન્ડ કરી દીધું છે. ભારતીય કુસ્તી ખેલાડીઓ માટે આ એક મોટો ઝટકો માનવામાં આવે છે.

યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગે ૩૦ મેના રોજ રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાને એક પત્ર લખીને કહ્યું હતું કે જો આગામી ૪૫ દિવસમાં રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા માટે કોઈ ચૂંટણી નહીં થાય, તો યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગ રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાનું સભ્યપદ સ્થગિત કરી દેશે.

ભારતીય મહિલા કુસ્તીબાજોના બ્રિજભૂષણ શરણ સામેના જાતીય શોષણના આરોપોને પગલે રમત મંત્રાલયે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (ડબલ્યુએફઆઈ)ના પદાધિકારીઓને સસ્પેન્ડ કરીને એડહોકસમિતિની રચના કરી હતી. જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ એમએમ કુમારને કુસ્તી મહાસંઘની નવી ચૂંટણી માટે ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

આ અગાઉ કુસ્તી માટેની વિશ્વની સંચાલક સંસ્થા યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગ (યુડબલ્યુડબલ્યુ)એ ભારત માટે વિશ્વ ચેમ્પિયનશિપ માટે અંતિમ પ્રવેશો સબમિટ કરવા માટે ૧૬ ઓગસ્ટની સમયમર્યાદા લંબાવવાની એડહોક સમિતિની વિનંતી સાથે સૈદ્ધાંતિક રીતે સંમત થઈ હતી.

### બાળકોએ ઘરમાં રહેલ વસ્તુઓનાં આધારે કલા પાથરી

# સા.કુંડલાની સનરાઈઝ સ્કૂલનાં વિદ્યાર્થીઓએ જન્માષ્ટમીનાં મેળાની કલા કૃતિઓ રજૂ કરી

### સંસ્થાનાં મેનેજિંગ ટ્રસ્ટીએ બાળકોને પ્રોત્સાહિત કર્યા

સાવરકુંડલા, તા. ૨૪

સનરાઈઝ સ્કૂલનાં ભૂલકાંઓએ જન્માષ્ટમીનાં મેળાની કૃતી પોતાની કલ્પના અને પોતાને ગમતી વિવિધ રાઈડ અને ખાણી-પીણીનાં સ્ટોલ, પોતાનાં ઘરમાં જ રહેલી ભંગાર વસ્તુઓમાંથી ખૂબ જ અદ્દ્ભૂત મોડેલ બનાવ્યાં. આ ૧૦ વર્ષની વયનાં બાળકોએ પોતાની કલ્પના શકિત કામે લગાડી, મહેનત અને લગનથી બનાવેલ લોકમેળાનાં મોડેલ સંસ્થાનાં મેનેજીંગ ટ્રસ્ટી પ્રતાપભાઈ ખુમાણે નિહાળી બાળકોને પ્રોત્સાહિત કરી. અભિનંદન આપ્યાં હતાં.



### ટ્રેડિશનલ ડ્રેસમાં તિરંગા સાથે કરી ઉજવણી

# અમરેલીની કે.કે.પારેખ-મહેતા વિદ્યાલયની વિદ્યાર્થીઓએ ચંદ્રયાન-૩ ની સફળતાથી ખુશી વ્યકત કરી

### વિદ્યાલયનાં આચાર્ય, શિક્ષકોએ પણ ખુશી વ્યકત કરી

અમરેલી, તા.૨૪

અમરેલી કે.કે.પારેખ અને મહેતા આર.પી.વિદ્યાલયનાં લીલાવંતિ ગર્લ્સ સ્કુલનાં ધો.૯ થી ૧૨ વિદ્યાર્થીબેનોએ ભારત દેશે પાપ્ત કરેલ ચંદ્રયાન-૩ નું સફળ ઉતરાન કરનાર વિશ્વમાં પ્રથમ કેસ બન્યો તે બદલ શાળા. વિદ્યાર્થીની બેનોએ ટ્રેડિશનલ ડ્રેસમાં ત્રિરંગા ઝંડા સાથે ઉજવણી કરી જેમાં શાળાનાં આચાર્ય વિપુલભાઈ વ્યાસ, લીલાવંતિ બિલ્ડીંગ સુપર વાઝર તુલસીભાઈ મકવાણા, મ.શિ.શિક્ષક વી.વી.સાવલિયા, જે.વી.વાળા, કલ્પનાબેન ગોહિલ, હિનાબેન અગ્રાવત, પઉનાબેન પઢિયાર તેમજ સરલીબેન આ ઉત્સવમાં ભાન લઈને દેશનાં વૈજ્ઞાનિકોને આ ઐતિહાસિક સિધ્ધી બદલ અભિનંદન પાઠવ્યા હતા.





### હજારો યુવાનોને વર્ક વિઝા નહીં મળે

# UK માં સ્ટુડન્ટ વિઝા પર ગયેલા ભારતીયોનું ટેન્શન વધ્યું

### યુકેએ સ્ટુડન્ટ વિઝાને વર્ક વિઝામાં કન્વર્ટ કરવા સામે કડક નિયમો લાગુ કર્યા છે, તેથી વિદ્યાર્થીઓએ તેનો વિરોધ શરૂ કરી દીધો છે

નવી દિલ્હી, તા.૨૪

યુકેને સ્કિલ્ડ વર્કર્સની જરૂર છે, પરંતુ સ્ટુડન્ટ વિઝા પર લાખોની સંખ્યામાં યુવાનો UK આવે અને પછી વર્ક વિઝા પર કામ કરવા લાગે તે તેને પસંદ નથી. તેના કારણે સ્ટુડન્ટ વિઝાને વર્ક વિઝામાં કન્વર્ટ કરાવવા પર આકરા પ્રતિબંધ લાદી દીધા છે.

આ કડક નિયમો તાજેતરમાં જ અમલમાં આવ્યા છે. જેના કારણે UKમાં અભ્યાસ કરીને પછી વર્ક વિઝા મેળવી લેવાશે તેવું માનીને આવેલા સ્ટુડન્ટને આંચકો લાગ્યો છે. ખાસ કરીને ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને શ્રીલંકાના ઘણા વિદ્યાર્થીઓ અહીં સ્ટુડન્ટ વિઝા પર આવીને કામકાજ શોધી લેવાનો ઈરાદો ધરાવતા હોય છે.

UKએ સ્ટુડન્ટ વિઝામાં અત્યાર સુધી મળતી કેટલીક છુટછાટો બંધ કરી તેની સામે હજારો વિદ્યાર્થીઓએ વિરોધ શરૂ કર્યો છે અને એક સહી ઝુંબેશ ચાલુ કરી છે. જે લોકોને UK સરકારના આ નિયમો સામે વિરોધ હોય તેઓ આ સહી ઝુંબેશમાં ઓનલાઈન પણ જોડાઈ શકે છે.

આગામી જાન્યુઆરી ૨૦૨૪ સુધી આવી સહીઓ એકત્ર કરવામાં આવશે અને પછી તેના આધારે યુકે સરકાર પાસે માગણીઓ મુકવામાં આવશે. UK સરકારનું કહેવું છે કે હાયર એજ્યુકેશન માટે UK આવતા ઘણા વિદ્યાર્થીઓ સ્ટુડન્ટ વિઝાની શરતોનો ભંગ કરે છે અને તેમની યોજના ભણવાના બદલે જોબ કરવાની હોય છે. વિદ્યાર્થીઓ અભ્યાસ ચાલુ હોય તે દરમિયાન જ સ્ટુડન્ટ વિઝાને વર્ક વિઝામાં કન્વર્ટ કરવા માટે અરજી કરી દેતા હોય છે. UK સરકારના આ નિર્ણય સામે લગભગ ૨૦,૦૦૦થી વધુ લોકોએ સહી કરી છે અને હજુ ૨૦ જાન્યુઆરી ૨૦૨૪ સુધી સહી ઝુંબેશ ચાલુ રહેશે.

જો આ અભિયાનમાં એક લાખ લોકોની સહી મળે તો તેને ચર્ચા માટે UKની સંસદ સમક્ષ મુકવામાં આવશે. જો આમ થાય તો યુકે સરકારે પોતાની શરતો હળવી કરવી પડશે અને વિદેશી વિદ્યાર્થીઓને રાહત આપવી પડશે. આ પિટિશનમાં કેટલીક માગણીઓ મુકવામાં આવી છે. તેમાં ખાસ માગણી એ છે કે ેંદ્ભમાં જે વિદ્યાર્થીઓ પહેલેથી અભ્યાસ કરી રહ્યા છે તેમને આ નવા કાયદામાંથી બાકાત રાખવામાં આવે.

તેમાં કહેવાયું છે કે આગામી જાન્યુઆરીથી જે નવા વિદ્યાર્થીઓ કોલેજ કે યુનિવર્સિટીઓમાં જોડાય તેમને જ આ કાયદો લાગુ થવો જોઈએ. અત્યારે જે વિદેશી વિદ્યાર્થીઓ UK આવ્યા છે તેઓ એમ માનીને જ આવ્યા હતા કે તેઓ સ્ટુડન્ટ વિઝાને વર્ક વિઝામાં કન્વર્ટ કરીને જોબ કરી શકશે. તેથી નવા કાયદાથી તેમને સૌથી વધુ આંચકો લાગ્યો છે.

આ ઉપરાંત ભારત, પાકિસ્તાન સહિતના દેશોના સ્ટુડન્ટનું એમ પણ કહેવું છે કે UKનો નવો કાયદો નેચરલ જસ્ટિસ એટલે કે કુદરતી ન્યાયના સિદ્ધાંતની વિરુદ્ધ છે. કોઈ પણ કાયદો પાછલી અસરથી લાગુ થવો ન જોઈએ. UKએ નિયંત્રણો મુકવા હોય તો આગામી વર્ષથી જે વિદ્યાર્થીઓ આવવાના હોય તેમના માટે કાયદો લાગુ કરી શકે છે. નવા કાયદા પ્રમાણે જે લોકો સ્ટુડન્ટ વિઝા પર આવ્યા છે તેમણે UKમાં કોર્સ પૂરો થતાની સાથે જ પોતાના દેશ જતા રહેવું પડશે. UKમાં સ્ટુડન્ટ વિઝામાંથી વર્ક વિઝામાં કન્વર્ઝન કરાવવાની હજારો અરજીઓ મળી તેના કારણે સરકાર ચોંકી ઉઠી હતી અને આ સમસ્યા વધારે વિકટ બને તે અગાઉ કડક કાયદો ઘડવા બ્રિટિશ સંસદે નિર્ણય લીધો હતો. UKને વિદેશી કામદારોની જરૂર છે, પરંતુ તે ઈમિગ્રેશન માટે દરવાજા સંપૂર્ણપણે ખોલવા તૈયાર નથી. બ્રેક્ઝિટ વખતે પણ ઈમિગ્રેશન એ એક સંવેદનશીલ મુદ્દો હતો. UKના વડાપ્રધાન રિશિ સુનાક ભારતીય મૂળના છે, પરંતુ ઈમિગ્રન્ટ્સ સામે તેઓ આકરું વલણ અપનાવે છે. તેમણે રૂબરુ કેટલીક જગ્યાએ દરોડા પાડીને ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ સામે કાર્યવાહી કરાવી છે. સુનાક વડાપ્રધાન બન્યા ત્યારે તેમણે વચન આપ્યું હતું કે દેશમાં ઈમિગ્રન્ટ્સની સંખ્યા ઘટાડવા માટે તેઓ સખત પગલાં લેશે.

## રાજયમાં છેલ્લા ૨૮ વર્ષથી અને કેન્દ્રમાં ૯ વર્ષથી સરકાર ભાજપની હોવાનું સાંસદ ભૂલી ગયા

# અમરેલી જિલ્લામાં ૧૦૦ ટકા વિકાસ થયો નથી : સાંસદ કાછડીયા

**ભાજપ કાર્યાલય ખાતે યોજાયેલ પત્રકાર પરિષદમાં સાંસદ નારણભાઈ કાછડીયાએ વિકાસ થયો નથી તે વાત સ્વીકારી**

**પદાધિકારીઓ, અધિકારીઓ અને મીડિયાજગતે સંયુક્તપણે વિકાસ માટે કાર્ય કરવું જરૂરી હોવાનું જણાવ્યું**

**મોડેલ રાજયમાં આવેલ અમરેલી જિલ્લામાં વર્ષો બાદ વિકાસ થયો નથી તેવું કહીને સાંસદે સરકારને વિચારતા કરી દીધા**

**સાંસદનો આત્મા અવાર-નવાર વહીવટીતંત્ર કે તેની સરકારની નિષ્ફળતાને ઉજાગર કરતો જોવા મળી રહ્યો છે**

અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લામાં વિકાસની ગતિ ગોકળગાયને પણ શરમાવે તે રીતે ચાલી રહી છે. ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અવાર-નવાર જિલ્લાની સમસ્યાઓ અંગે અહેવાલ પ્રસિધ્ધ કરે છે. જેને પરોક્ષ રીતે સત્તાધારી પક્ષનાં મહત્વનાં પદાધિકારી સાંસદ નારણભાઈ કાછડીયાએ આપેલ છે.



વિગત એવા પ્રકારની છે કે, અમરેલીનાં જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે બુધવારે ''મતદાતા ચેતના'' અંતર્ગત યોજાયેલ પત્રકાર પરિષદનાં અંતે સાંસદે ઓન કેમેરા પત્રકાર સમક્ષ સ્વીકાર્યુ કે અમરેલી જિલ્લાનો ૧૦૦ ટકા વિકાસ થયો નથી તે હું સ્વીકારૂ છું. પરંતુ હવે તમામ પદાધિકારીઓ, અધિકારીઓ અને મીડિયા જગતે સંયુકતપણે જિલ્લાનાં વિકાસ માટે પ્રયત્ન કરવો જોઈએ તેમ જણાવતાં ત્યાં ઉપસ્થિત સત્તાધારી પક્ષનાં આગેવાનો પણ મુંઝાયા હતા.

હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે ગુજરાતમાં છેલ્લા ૨૮ વર્ષથી અને કેન્દ્રમાં ૯ વર્ષથી પોતાના ભાજપ પક્ષની જ સરકાર છે અને સાંસદ પદે તેઓ ૧૪ વર્ષથી છે છતાં પણ જો અમરેલી જિલ્લાનો વિકાસ કરી ન શકયા હોય તો તેની અને તેના પક્ષની નિષ્ફળતા છે અને નિષ્ફળતા બદલ લોકશાહી શાસન વ્યવસ્થામાં જનતાની માફી માંગવી જોઈએ.

જો કે ભાજપનાં લાં...બા શાસનકાળનો લાભ જિલ્લાની જનતાને ભલે ન મળ્યો, જિલ્લાનો ભલે વિકાસ ન થયો પરંતુ ભાજપનાં અનેક આગેવાનોનો આર્થિક વિકાસ બુલેટ ગતિએ થયો છે તે હકીકત છે. નેતાઓ પોતાનો અદભૂત આર્થિક વિકાસ કરીને પોતાની કાબેલિયત સાબિત કરી ચુકયા છે. પરંતુ જિલ્લાનો વિકાસ કરવા માટે તેઓ અવનવા ગતકડા કે બ્હાનાબાજી કરીને પોતાની ચાલાકી બતાવી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે.

## ભાજપ કિસાન મોરચાની મુખ્યમંત્રીને રજૂઆત

# રાજયનાં ખેડૂતોને વરસાદ ખેંચાતા પિયત માટે ૧૦ કલાક વીજળીની માંગ

**૮ કલાકમાં ૨ કલાકનો વધારો કરવો જરૂરી**

અમરેલી, તા. ૨૪

રાજયમાં વરસાદ ખેંચાતા ખેતીવાડીમાં એક સાથે કપાસ, મગફળી જેવા વિવિધ વાવેતર પાકોને કુવા, બોર મારફતે પિયત આપવાની ખેડૂતોને જરૂરિયાત ઉભી થઈ છે. ત્યારે ગુજરાતમાં જયારે-જયારે વરસાદ ખેંચાતા વિતેલા વર્ષોમાં રાજયની ભા.જ.પ. સરકારે ખેડૂતો માટે હકારાત્મક નિર્ણય કરી વીજળી આપી છે. જે હંમેશા ખેડૂતો આ નિર્ણયને આવકારતાં રહ્યાં છે.

વર્તમાન સમયમાં વરસાદ ખેંચાતા રાજયનાં ખેડૂતોને ૮ કલાક વીજળી આપવામાં આવે છે. તેમા ૨ કલાકનો વધારો કરીને ૧૦ કલાક વીજળી આપવા રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ રાજયનાં ઉર્જામંત્રી કનુભાઈ દેસાઈને ભા.જ.પ. કિસાન મોરચાનાં પ્રદેશ પ્રમુખ હિતેષ પટેલ, પ્રદેશ મહામંત્રી હિરેન હિરપરા અને સરદારભાઈ ચૌધરીએ રજૂઆત કરી છે.

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
ધર્મ કરતા કર્મ એટલા માટે ચડિયાતો છે કે
ધર્મ કરીને ભગવાન પાસે માંગવું પડે છે.
જયારે કર્મ કરો, એટલે ભગવાન ને આપવું જ પડે છે.
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166

## ડીસ્ટ્રીકટ ચેમ્બરનાં પ્રમુખ ભગીરથ ત્રિવેદીની ઉપસ્થિતિમાં

# અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોકમાં વેપારીઓએ ચંદ્રયાન-૩ની સફળતાની ઉત્સાહભેર ઉજવણી કરી

**ભારત દેશે ચંદ્રગ્રહનાં દક્ષિણ ભાગમાં વિશ્વમાં સૌ પ્રથમ સફળતા મેળવી**





અમરેલી, તા. ૨૪

ભારત માટે એક ઐતિહાસીક દિવસ છે. આજે ચંદ્ર ઉપર ચંદ્રયાન-૩ નું સરળ લેનડીંગ થતા ભારતવાસીઓ આનંદીત થઈ ગૌરવ અનુભવી રહયા ભારતનાં વેજ્ઞાનિકોને ખુબ ખુબ અભિનંદન પાઠવીએ એટલા ઓછા પડે વિશ્વમાં ભારત દેશનો ડંદો વગાડી ને સમગ્ર ભારતીયોનું માથુ ઉચું રહે તેવું કામ આપણા દેશના વેજ્ઞાનિકોએ કર્યુ છે. ત્યારે આ ક્ષણને આજરોજ અમરેલીમાં રાજકમલ ચોકમાં અમરેલી વેપારી મહામંડળ તેમજ અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર્સ ઓફ કોમર્સ દ્વારા ફાટાકડા ફોડી ઢોલ વગાડી મો મીઠા કરી આનંદ વ્યકત કરેલ હતો. આ કાર્યક્રમમાં વેપારી મહામંડળ પ્રમુખ બીરજુભાઈ અટારા, પુર્વ પ્રમુખ સંજયભાઈ વણજારા અમરેલી ડિસ્ટ્રીક ચેમ્બર્સ ઓફ કોમર્સના પ્રમુખ ભગીરથ ત્રિવેદી તથા નયનભાઈ પરસાણીયા, હિતેષભાઈ પોપટ, મીતેન ગુંદરણીયા, ભુપતભાઈ સાવલીયા, વિજયભાઈ ખુબચંદાણી, રાજદિપ જાની, ધનશ્યામભાઈ રૈયાણી, કમલેશભાઈ ટાંક, શાંતીલાલ ડોબરીયા, અંકુરભાઈ જાવીયા, ચંદ્રેશભાઈ ધોળકીયા, મુકેશભાઈ સોઢા, ઘનશ્યામભાઈ ત્રાપસીયા, ભાવીનભાઈ ભટ્ટ, નીતીન હિરાણી, શ્યામ સાદરાણી, મયુરભાઈ બોધરા, મનોજભાઈ અકબરી, ભરતભાઈ સચદેવ, રાજુભાઈ ધાનાણી સહિત અમરેલી આમ જનતા તેમજ અમરેલી વેપારી મહાજનએ ખુશી સાથે ગર્વની લાગણી અનુભવી હતી.

# ''અમરેલી એકસપ્રેસ''નાં તંત્રી મનોજ રૂપારેલનાં જન્મદિને સમગ્ર જિલ્લા અને રાજયભરમાંથી અભિનંદનવર્ષા



અમરેલી જિલ્લાનાં સર્વાધિક લોકપ્રિય દૈનિક ''અમરેલી એકસપ્રેસ'' નાં તંત્રી મનોજ રૂપારેલનાં જન્મદિને અમરેલી જિલ્લા ઉપરાંત સમગ્ર રાજયમાંથી અંભિનંદનવર્ષા થઈ હતી. અમરેલીનાં ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયા, પૂર્વ સાંસદ વિરજી ઠુંમર, સાવરકુંડલાનાં ધારાસભ્ય મહેશ કસવાલા, પૂર્વ ધારાસભ્ય ઠાકરશીભાઈ મેતલીયા, પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણી, જિલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ હિરેન હિરપરા, ભાજપ અગ્રણી રીતેશ સોની, ઘનશ્યામભાઈ ડોબરીયા, દીપક માલાણી, ટીકુભાઈ વરૂ, એડવોકેટ મુઝફરહુશૈન સૈયદ, રફીકભાઈ મોગલ, કે.કે. વાળા, નરેશ અધ્યારૂ, ઈલેકટ્રોનીકસ મીડિયાનાં પ્રતિનિધિ સૂર્યકાંત ચૌહાણ, ફારૂક કાદરી, રાજન ગઢીયા, કેતન બગડા, કલ્પેશ ખેર, અકિલનાં અરવિંદ નિર્મળ, દિવ્ય ભાસ્કરનાં રાજુ બસિયા, પત્રકાર પંકજ ઈન્દ્રોડીયા, નાયબ પોલીસ અધિક્ષક હરેશ વોરા, રાજકોટનાં પૂર્વ સાંસદ રામજીભાઈ માવાણી, લોહાણ મહાજનનાં પ્રમુખ જીતુભાઈ ગોળવાળા, એ.ડી. રૂપારેલ, સતીષભાઈ આડતીયા, શરદ લાખાણી, શરદ ધાનાણી, શૈલિન આદ્રેજા સહિત અનેક નામી-અનામી વ્યકિતઓએ રૂબરૂ, વોટસએપ મેસેજ અને મોબાઈલ ફોન દ્વારા જન્મદિવસની શુભેચ્છા પાઠવતા મનોજ રૂપારેલ દ્વારા તમામ શુભેચ્છકનો હૃદયપૂર્વકનો આભાર માનવામાં આવ્યો હતો.

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)